

* જિજ્ઞાસુઓને પહેલાંમાં પહેલો એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. આયુષ્ય બંધાઈ ગયું હશે તો! એવી શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી સમૃદ્ધ પોતે છે તેને જોવો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૬ સં. ૨૦૫૨ (૬૩૫) * આત્મધર્મ * (અંક-૩ વર્ષ-૫૩) વીર સં. ૨૫૨૨ સપ્ટેમ્બર, ૧૯૯૬

# સુવર્ણપુરી સમાચાર :—

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ટ્રસ્ટી તથા મંત્રી
શ્રી ચિમનલાલ ઠાકરશીભાઈ મોદીના માતુશ્રી
શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી–પરિવાર
( હસ્તે શ્રીમતી લાભકુંવરબેન ચિમનલાલ ઠાકરશી ) તરફથી
અધ્યાત્મતીર્થક્ષેત્ર સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસથી ઉજવાયેલ

## બહેનશ્રી ચંપાબેનની ૮૩ મી જન્મજયંતી

દુર્લભ એવી દ્રવ્યદૃષ્ટિની પ્રાપ્તિ અર્થે પરમાત્મપણાનો મહામંત્ર આપી મુમુક્ષુસમાજને પુરુષાર્થની પ્રેરણા આપનાર અનંત ઉપકારી ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ–ઉપદેશને ગ્રહણ કરીને તેઓશ્રીની અસીમ ઉપકારી છત્રછાયામાં નાની ઉંમરમાં સ્વાનુભૂતિ કરી લેનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી કે જેમની અંતરંગ વિશિષ્ટ નિર્મળદશા, જાતિસ્મરણ તથા વચનામૃત–વાણી આદિની પ્રશંસા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સાંભળવાનો આપણને સૌને અનેકવાર લાભ મળ્યો છે, તેમનો ૮૩ મો જન્મજયંતી–મહોત્સવ તા. ૨૩–૮–૯૬ થી તા. ૩૦–૮–૯૬ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ટ્રસ્ટી તથા મંત્રી શ્રી ચિમનલાલ ઠાકરશીભાઈ મોદીના માતુશ્રી શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી–પરિવાર (હસ્તે શ્રીમતિ લાભકુંવરબેન ચિમનલાલ મોદી) તરફથી, આપણા આદરણીય આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ જેઠાલાલ શાહની દેવ–ગુરુ–ભક્તિભીની ઉપસ્થિતિમાં સુવર્ણપુરીમાં આઠ દિવસના ભવ્ય સમારોહપૂર્વક ૨૫૦૦થી અધિક મહેમાનોની ઉપસ્થિતિમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ મંગલ અવસરે 'શ્રી જિનસહસ્રવસુનામ મંડળ'નું ૮૩ પાંખડીવાળું ગુલાબી કમળનું માંડલું, ચંદરવો તેમ જ જન્મજયંતીના ઉપલક્ષમાં ટ્રસ્ટ તરફથી બનાવવામાં આવેલાં જન્મવધાઈના પ્રતિકરૂપ—વંદનમુદ્રાયુક્ત ભગવત્ કુંદકુંદાચાર્યદેવ, ફતેહમંદ રાજકુમાર તેમ જ શ્રેષ્ઠિપુત્ર દેવકુમાર સહિત—વિદેહીનાથ ભગવાન શ્રી સીમંધર સ્વામીનું અતિભવ્ય તેમ જ મનોજ્ઞ સમરસવણ સર્વાધિક હૃદયાકર્ષક તેમ જ આનંદકારી હતું. પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણરૂપ "જ્ઞાનવૈભવ"ના પરમ પ્રસાદથી મુમુક્ષુ સમાજને સમ્પ્રાપ્ત આ ભવ્ય સમવસરણ બધા માટે અતિ આનંદપ્રદ હતું. તદુપરાંત ઉત્સવની શોભાની મનોજ્ઞતા–સૂચક શ્રીફળ તેમ જ આસોપાલવ યુક્ત વિશાળ કળશાકાર ભવ્ય પ્રવેશદ્વાર તથા સમારોહ મંડપમાં વિવિધ મનોરમ્ય ભવ્ય શુશોભન કરવામાં આવ્યું હતું.

આ આનંદકારી ઉત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે ઓડિયો–ટેપ દ્વારા પૂજ્ય બહેનશ્રીની શાંતરસઝરતી દેવ–ગુરુભક્તિ તેમ જ સ્વાનુભવરસભીની ધર્મચર્ચા, જિનેન્દ્ર

[ અનુસંધાન માટે જુઓ પાનું–૨૫ ]

કહાન
સંવત-૧૬
વર્ષ-૫૩
અંક-૩
[૬૩૫]

વીર
સંવત
૨૫૨૨
સં. ૨૦૫૨
SPT.
A. D. 1996




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

# ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

[સળંગ પ્રવચન નં. ૧૦]

જગતની જે ચીજ જે કાળે જેમ પરિણમવાની છે તે તેમ જ પરિણમશે, તેનો તો જીવ કર્તા નથી પરંતુ જે પર્યાય થાય—નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી. તે પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે. ચૈતન્યને જાણતું જે જ્ઞાન પ્રગટ થાય છે તે પણ ક્રમબદ્ધ થાય છે, તેનો કર્તા પણ ધ્રુવતત્ત્વ નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં તે કાળે બાહ્યમાં જગતના જે પરિણામ થાય છે તે ક્રમબદ્ધ થાય છે તેમ તે જાણે છે ને તે જાણવાની પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, તેનો પણ ત્રિકાળી જીવ કર્તા નથી. જગતના પરિણામ—ક્રિયા તો ક્રમબદ્ધ છે જ પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જગતના પરિણામને ક્રમબદ્ધ જાણનાર જ્ઞાનની જે પર્યાય થાય તે પણ ક્રમસર છે તેમ સમ્યગ્જ્ઞાની જાણે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. જેટલા જીવ છે તે બધા અનાદિથી જ્ઞાયકભાવે રહેલા છે. હું જીવ છું. મારો જ્ઞાનસ્વભાવ સ્વ-પર-પ્રકાશક છે, મારામાં જ્ઞાનાદિ પરિણામો ક્રમે ક્રમે થાય છે. જેમ ડાબો જમણો પગ એક પછી એક મૂકાય છે, તેમ પર્યાય ક્રમસર છે. આત્મા સર્વવિશુદ્ધજ્ઞાનમય છે, એવી દૃષ્ટિ થવી તે ધર્મ છે, એવી દૃષ્ટિવંત એમ જાણે છે કે મારામાં તથા પરમાં પરિણામો એક પછી એક નિયમિત થાય છે. જ્ઞાયકભાવપણે પરિણમતો જીવ છે—એમ તે જાણે છે. પગ એક પછી એક ઊપડે છે તે દૃષ્ટાંત પંચાધ્યાયીમાં આપેલ છે અને નક્ષત્ર ક્રમસર હોય છે એ દૃષ્ટાંત ન્યાય-શાસ્ત્રમાં આપેલ છે. જેમ તે દરેક ક્રમસર હોય છે, આડા-અવળા હોતા નથી. તેમ દરેક પર્યાય પણ ક્રમસર છે. આત્મા સમયે સમયે જ્ઞાન-આદિની પર્યાયરૂપે ક્રમસર ઊપજે છે. સાધકને અલ્પરાગ થાય છે, તેને ગૌણ કરી, જ્ઞાનનું જ્ઞેય કહેલ છે, તેથી રાગ થતો નથી—એમ કહ્યું છે. અહીં શુદ્ધનયની અપેક્ષાએ કથન છે. પોતાના અનંત ગુણોના ક્રમ-પર્યાયને જાણતો, અલ્પરાગને જાણતો અને અજીવના ક્રમ-પરિણામને જાણતો સ્વ-પર-પ્રકાશક જ્ઞાનપણે ઊપજતો જીવ છે, બીજો જીવ નથી. વ્યવહારથી જીવના અનેક ભેદો છે, પણ આવો જીવ જાણે તેને તેના જ્ઞાનમાં આવા ભેદ જ્ઞેય તરીકે જણાય. જેમ પહેલું નક્ષત્ર તે બીજું નક્ષત્ર નથી, તેમ પહેલાં સમયના પરિણામ તે બીજા સમયના પરિણામ નથી, દરેક ક્રમબદ્ધ છે. પરિણામ આડા-અવળા થાય તો દ્રવ્ય-ગુણ-પર્યાય રહેતાં નથી. લટકતા હારમાં એક પણ મોતીને આઘું-પાછું કરે તો દોરો અને હાર તૂટી જાય છે તેમ એક પણ પર્યાયને આડી-અવળી કરે તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે તૂટી જાય છે. અનંતા પરિણામો ક્રમસર ઊપજે છે. ક્રમબદ્ધ કાળ બતાવે છે. જેમ એક મોતી પછી બીજું મોતી, એક નક્ષત્ર પછી બીજું નક્ષત્ર આવે છે તેમ એક પરિણામ પછી બીજા પરિણામ છે. શ્રદ્ધાના, ચારિત્રના, વીર્યના અને અલ્પ રાગાદિના પરિણામને જુદા જુદા જાણતો ક્રમબદ્ધ જ્ઞાનપર્યાયરૂપે ઊપજતો જીવ જ છે.

સમયસાર ગાથા ૧૨મા કહ્યું કે તે કાળે જાણેલો વ્યવહારનય પ્રયોજનવાન છે. એ જ વાત આમાં સમાડી દીધી છે. વળી કર્તા-કર્મ અધિકારમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય—એમ એક સમયના પરિણામના ત્રણ લક્ષણ કહ્યાં છે. જીવ ક્રમબદ્ધ પોતાના તે સમયના નિશ્ચિત્ પરિણામને પ્રાપ્ત કરે છે, પૂર્વ પરિણામનો વ્યય કરી તે રૂપ પરિણમે છે અને નવા પરિણામરૂપે ઊપજે છે—આમ એક સમયની પર્યાયમાં પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય ત્રણે લક્ષણ સાથે છે. કેવળીભગવાનને આખું જ્ઞાન પ્રમાણ છે. તેમાં જ્ઞાન સમયે સમયે પલટે છે તથા સામે લોકાલોક સમયે સમયે પલટે છે. જ્ઞાનને

લીધે જ્ઞેય પલટતું નથી, જ્ઞેયને લીધે જ્ઞાન પલટતું નથી. વળી જેવું જ્ઞેય પલટે છે તેવા જ્ઞેયને જ્ઞાન ન જાણે એમ બને નહિ અને જેવું જ્ઞાનમાં જણાય છે તેવું જ્ઞેય જ્ઞેયના કારણે પલટે નહિ એવું પણ બને નહિ—એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

કેવળીભગવાન પૂર્ણ જ્ઞાનરૂપે પલટે છે અને સામે લોકાલોક તેના પોતાના કારણે પલટે છે, તેવી રીતે નીચલી દશામાં સાધકને સ્વ-પર-પ્રકાશક જ્ઞાન પલટતું જાય છે ને જ્ઞેયો પણ પલટે છે, પણ સામે નિમિત્તો છે માટે જ્ઞાન પરિણમી રહ્યું છે—એમ નથી. આ હાથ ચાલે છે તેવું જ્ઞાનમાં જણાય છે, છતાં હાથને લીધે જ્ઞાન થતું નથી. નિમિત્ત નિમિત્તમાં છે, નૈમિત્તિકદશા નૈમિત્તિકમાં છે. હાથાદિની અવસ્થા ક્રમસર થાય છે અને જ્ઞાન એવું જ જાણે છે, છતાં બન્ને પૃથક્‌પણે કામ કરે છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જીવ સ્વ-પર-પ્રકાશક જ્ઞાનપણે પરિણમે છે, ત્યારે અનંતા ગુણોની અવસ્થાને જાણે છે, પણ તે ગુણોની અવસ્થા થાય છે માટે જ્ઞાનનું પરિણમન છે એમ નથી અને જ્ઞાનનું પરિણમન છે માટે ચારિત્ર આદિ ગુણોનું પરિણમન થાય છે—એમ પણ નથી. વળી જે અલ્પ રાગાદિ વર્તે છે તેથી જ્ઞાન થાય છે—એમ નથી અને સ્વ-પર-પ્રકાશક જ્ઞાન રાગાદિને જાણતું પ્રગટ્યું છે માટે રાગને થવું પડે છે એમ પણ નથી. છતાં જેવા રાગાદિ છે અને જેવી શુદ્ધતા અન્ય ગુણોમાં છે, તેને જ્ઞાન પોતાના કારણે યથાર્થ જાણે છે. જો ગુણોની પર્યાયમાં આડી-અવળી માને અથવા જ્ઞાનમાં આડું-અવળું માને તો વ્યવસ્થિતપણું રહેતું નથી.

સ્વ-પર-પ્રકાશક જ્ઞાનસ્વભાવરૂપે જીવ પરિણમ્યો એટલે નિમિત્તના લક્ષે જે રાગ નબળાઈથી થતો હતો તેને જાણવારૂપે તે ઊપજે છે. આ સ્ત્રી દેખાણી અથવા સમવસરણ દેખાણું માટે રાગ થયો, દુશ્મનને લીધે દ્વેષ થયો—એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. અજ્ઞાની ભગવાનને જોતાં કહે છે કે 'અહો ભગવાન! તારું નિમિત્ત એવું છે કે મને શુભરાગ આવ્યા વિના રહે નહિ.' પરથી રાગ-દ્વેષ માને તેની તો વાત અત્રે નથી, પણ પોતાની નબળાઈથી જેટલો રાગ-દ્વેષ થાય તેટલો પણ આત્મા નથી. વાણીથી રાગ નથી તથા વાણીથી કે રાગથી જ્ઞાન થતું નથી. પોતાના સ્વ-પર-પ્રકાશક જ્ઞાનરૂપે ઊપજતો જીવ છે, તે વખતે રાગ જ્ઞાનમાં જ્ઞેય થવાની યોગ્યતાવાળો છે, જ્ઞાન પણ તેને જ જાણવાવાળું ક્રમસર પ્રગટ્યું છે—એમ રાગના જ્ઞાનપણે ઊપજતો જીવ જ છે.

પરને લીધે કાર્ય માને તે મૂઢ છે. પરને લીધે રાગ નથી, રાગને લીધે જ્ઞાન નથી. સ્વભાવના અવલંબને સ્વ-પર-પ્રકાશકપણે પ્રગટતું તેને જીવ દ્રવ્ય સાથે અભેદ ગણી જીવ કહીએ છીએ. તે અજીવ નથી. જીવ ભેદરૂપે કે રાગરૂપે કદી થયો નથી. મનુષ્યપણું,

બાદરપણું, પંચેન્દ્રિયપણું કે પર્યાપ્તપણું આદિ ભેદપણે જીવ નથી, તે તો જ્ઞાયકભાવે ઊપજતો થકો જીવ જ છે. આસ્રવ થયો માટે જ્ઞાન થયું એમ નથી, કર્મના પ્રભાવને લીધે રાગ માને અને રાગના પ્રભાવથી જ્ઞાન માને તે મિથ્યાદૃષ્ટિ છે. તારી પ્રભુતામાં તારું જીવપણું છે. જ્ઞાયક સ્વભાવપણે પરિણમે તેમાં તું છો, રાગાદિમાં તું નથી. રાગાદિમાં તારી પ્રભુતા રહેતી નથી. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ભેદરૂપ તું નથી. નિમિત્તથી ભેદ પાડ એવો તું નથી અને નિમિત્તો આવે માટે જ્ઞાન થાય એવો પણ તું નથી. નિમિત્ત કે ભેદના કારણે નહિ પણ પોતાના કારણે જીવ ઊપજે છે.

ભગવાન! તારી વાત તેં સાંભળી નથી. તું આડું-અવળું કરવા જઈશ ને એકથી બીજાનું કરવા જઈશ તો જ્ઞાયકભાવનો ભૂકો વળી જાય છે. જીવ રહેતો નથી. જગતમાં આ જીવ સિવાય બીજા જીવો, શરીર, મન, વાણી આદિ છે. પરમાણુમાં પણ એક પછી એક ક્રમસર અવસ્થા થાય છે, તેને આયત સમુદાય કહેલ છે. પર્યાય દોડતો આવે છે. શરીર, મન, વાણી, આહાર, પાણી વગેરેમાં ક્રમસર જે પર્યાય થવાની હોય છે તે જ થાય છે. અજ્ઞાની કહે છે કે જીવની ઇચ્છા મુજબ બોલાય છે. જે અજીવમાં ફેરફાર કરવા માગે તે પોતાના જ્ઞાયકભાવમાં ફેરફાર કરીને વિષમ દૃષ્ટિ કરે છે. અજીવમાં પરિણામ ફરે છે માટે જ્ઞાનમાં પરિણામ ફરે છે એમ નથી, અને જ્ઞાનમાં ફેરફાર થાય છે માટે અજીવમાં ફેરફાર થાય છે—એમ નથી. બન્ને પોત પોતાના કારણે ફર્યા વગર રહેતા નથી. આ લાકડું ફરે છે, તેમ જ્ઞાન ફરતું જાય છે. જ્ઞાન ફરે છે ને લાકડું પણ ફરે છે છતાં એક બીજાને આધીન નથી. માટીમાંથી ઘડો ક્રમે ક્રમે થાય છે. તેમ જ્ઞાન પણ ક્રમે ક્રમે દરેક અવસ્થાને જાણતું ફરતું જાય છે. પ્રથમ લોટનું ગોરણું બન્યું, પછી રોટલીની અવસ્થા થઈ. તે બધી અવસ્થા ફરે છે અને જ્ઞાન પણ પોતાના કારણે તે દરેક અવસ્થાને જાણતું ફરતું જાય છે. જ્ઞાન સ્વ-પર-પ્રકાશક છે, જેમ છે તેમ જાણે છે. સામે અજીવ ફરતું જાય છે માટે જ્ઞાન ફરતું જાય છે એમ નથી અને જ્ઞાન ફરતું જાય છે માટે અજીવ ફરતું જાય છે એમ નથી; છતાં બન્ને ક્રમસર ફરતા નથી એમ પણ નથી. લાકડીને પોતાના ક્રમસરની ખબર નથી કેમકે તેને જ્ઞાન નથી. આત્મા સ્વ-પરને જાણે છે, પણ અજીવને લીધે જ્ઞાન નથી અને જ્ઞાનને લીધે અજીવ નથી. અજીવ પલટતા મારું જ્ઞાન પલટે છે એમ માનનાર અજીવ છે. મારા કારણથી અજીવ પલટે છે એમ માનનાર અજીવને જીવ બનાવી દે છે. અજીવને જીવ માને તો મિથ્યાત્વ અને જીવને અજીવ માને તો મિથ્યાત્વ. એનો અર્થ આમ સમજવો જોઈએ. "દાણે દાણે ખાનારનું નામ"—જે વખતે જે દાણો જેના પેટમાં આવવાનો તે આવવાનો. જ્ઞાન તેને એમ જ જાણે છે. દાણો આવ્યો માટે જ્ઞાન થયું? ના, સ્વ-પર-પ્રકાશક જ્ઞાન

આત્મરૂપ છે, પર સંબંધી જ્ઞાન થયું માટે આત્મા પરરૂપ છે—એમ છે જ નહિ. વળી રાગના કાળે જે રાગ થયો તે જ્ઞાનમાં નિમિત્ત છે. નિમિત્તને લીધે જ્ઞાન નથી. જેમ નક્ષત્ર ક્રમબદ્ધ છે, તેમ અજીવ ક્રમબદ્ધ ઊપજે છે. જ્ઞાનને લીધે અજીવ ઊપજે તો અજીવ પરાધીન થઈ જાય છે. આ હાથ વળ્યો તે હાથનો ક્રમ છે અને જ્ઞાનમાં એવું જાણવાનો ક્રમ છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, છતાં બન્ને પૃથક્પણે કામ કરી રહ્યા છે.

અજ્ઞાની અજીવને તાકાત વગરનું માને છે. આત્મા ઇચ્છા કરે તો શરીર ચાલે એમ માની શરીરને તાકાત વગરનું માને છે પણ કર્મની વાત આવે ત્યારે કહે કે "કર્મની તાકાત છે, તેથી મને રાગ-દ્વેષ થાય છે." દારૂમાં તાકાત છે, તેથી તે જીવને ઘેલો બનાવે છે.' આમ પુદ્ગલને ઘડીમાં તાકાતવાળું અને ઘડીમાં તાકાત વગરનું માને છે, તે બધો ભ્રમ છે.

જ્ઞાની કે અજ્ઞાની બન્નેને સ્વ-પર-પ્રકાશક જ્ઞાનસ્વભાવ એવો જ છે, પણ અજ્ઞાની ઊંધી માન્યતાને લીધે એકલા પરપ્રકાશકપણે પરિણમી રહ્યો છે. અજીવ ક્રમસર ઊપજે છે. જીવને લીધે અજીવ ઊપજે તો અજીવ રહેતું નથી. મારા જ્ઞાનમાં અજીવની આવી અવસ્થા આવવાની છે, માટે અજીવની આવી અવસ્થા થાય છે—એમ માનનાર અજીવને જાણતો નથી. અત્રે બેઠા સ્વાધ્યાય મંદિરનું જ્ઞાન થાય અને મંદિરમાં જતાં મંદિરનું જ્ઞાન થાય તો નિમિત્તની બળવત્તરતા હશે? ના. તે વખતના જ્ઞાનની એવી જ યોગ્યતા છે, અને તે વખતે તેને યોગ્ય નિમિત્ત પણ હોય જ છે.

વળી કોઈ કહે કે "તીવ્ર રસવાળું કર્મ એક સાથે ઉદયમાં આવે તો રાગ થયા વિના રહે નહિ." વળી અજ્ઞાની કહે છે કે "કોઈવાર કર્મ બળવાન છે, અને કોઈવાર જીવ બળવાન છે." પણ ભાઈ, તારું વલણ કર્મ ઉપર છે, એટલે કર્મ બળવાન છે—એમ કહેવાય છે. પણ ખરેખર કર્મ બળવાન નથી. તે વખતે કર્મના ઉદયને જાણતું જ્ઞાન પ્રગટેલ છે, છતાં તેમ ન માનતાં કર્મના ઉદયથી મને વિકાર થશે એવો અધ્યવસાય ઊંધું મનાવે છે. ખરેખર તો તારા ક્રમમાં જ્ઞાન આવેલ છે, પણ ઊંધો અધ્યવસાય સાચું જ્ઞાન કરવા દેતો નથી.

દાનમાં રૂપિયા આપે છે તે વખતે તેમના પરિણામમાં કોમળતાનો અંશ છે. અને તે વખતે સ્વ-પર-પ્રકાશક જ્ઞાન કોમળતાને જાણતું પ્રગટ્યું છે. પણ જ્ઞાયકનો નિર્ણય નથી તેથી ઊંધી શ્રદ્ધાને લીધે સ્થાનકવાસી, તેરાપંથી માન્યતાવાળા જીવો પુણ્યને પાપ માને છે. સામે ક્રિયા એ જ છે. કોમળતાના પરિણામ પણ છે, જ્ઞાન પણ એવું જ જાણતું પ્રગટ્યું છે પણ અસંયતિને દાનમાં દેવાના પરિણામ પુણ્ય ન હોય પણ પાપ હોય એવી ઊંધી માન્યતાને લીધે કોમળતાના પુણ્ય પરિણામને પાપ માને છે.

મૂર્તિ પૂજામાં પાપ માનનારા પણ એવી જ ભૂલ કરે છે. જીવને પૂજા-દર્શનાદિનો શુભરાગ તો આવે છે, તેમાં નિમિત્ત મૂર્તિ છે એમ જાણતું સ્વપરપ્રકાશક જ્ઞાન પ્રગટે છે. પણ મૂર્તિ પૂજામાં પાપ છે એવી ઊંધી માન્યતાના કારણે સ્વ-પર-પ્રકાશક જ્ઞાન યથાર્થ ભાળતું નથી.

વળી પુણ્ય પરિણામ આવ્યા છે તે વખતે જ્ઞાન એમ જ જાણે છે કે તે પુણ્ય છે પણ ધર્મ નથી. પણ પુણ્યમાં ધર્મ છે એવી ઊંધી શ્રદ્ધાને લીધે અજ્ઞાની પુણ્યને ધર્મ માને છે. આમ ઊંધી શ્રદ્ધાને લીધે વિપરીત માને છે. અજીવમાં ક્રમસર પરિણામ થાય છે અને જ્ઞાન પણ એમ જ જાણતું સ્વ-પર-પ્રકાશક પ્રગટે છે, છતાં ઊંધી શ્રદ્ધાને લીધે અજીવના પરિણામને લીધે મને જ્ઞાન થાય છે, એવી શ્રદ્ધાના કારણે ઊંધો અધ્યવસાય કરે છે.

સાંજના એક માણસ ફરવા નીકળ્યો ત્યારે પ્રથમ ધીમે ધીમે ચાલતો હતો, પછી વરસાદ આવતાં જલદી ચાલવા માંડયો ત્યારે જ્ઞાન પણ એમ જ થયું તો શું શું વરસાદ આવ્યો માટે શરીર જલદી ચાલ્યું ? ના, શરીર તો તેના કારણે ક્રમસર ચાલે છે, ઇચ્છાને લીધે કે જ્ઞાનને લીધે તે ચાલતું નથી એમ જ્ઞાન જાણે છે. વળી પગ જલદી ચાલે છે માટે જ્ઞાન પ્રગટયું છે એમ પણ નથી. બન્ને સ્વતંત્ર છે. જ્ઞાન વ્યવસ્થિત પોતાના કારણે થાય છે અને સામેના પદાર્થોની અવસ્થા વ્યવસ્થિત તેના કારણે થાય છે. સ્ટેશનમાં ગાડી આવી એમ જ્ઞાન થયું. જ્ઞાન થયું માટે ગાડી આવી છે ? ના, ગાડી આવી માટે જ્ઞાન થયું ? ના, બન્ને સ્વતંત્ર કામ કરી રહ્યાં છે. પર્યાયબુદ્ધિવાળાને જ્ઞાયકભાવ બેસતો નથી. થુલી ખાવામાં આવે ત્યારે જ્ઞાન થુલીને જાણે છે. થુલીને લીધે જ્ઞાન નથી. અને જ્ઞાનને લીધે થુલી આવતી નથી. થુલી, દ્રાક્ષ, કઢી, ચોખાના જે પરમાણુ ક્રમબદ્ધ આવવાના છે, તે આવવાના છે. આજે મંગળવાર છે, પછી બુધવાર આવશે. એમ એક પછી એક સાત વાર ક્રમસર આવે છે. મંગળવાર પછી શુક્રવાર કદી આવતો નથી—તેમ દરેક દ્રવ્યની પર્યાયના વારે તેનો વાર આવે છે પણ આડી-અવળી પર્યાયના વારે તેનો વાર ન આવે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનના વારે વાર આવે પણ કવારે વાર ન આવે. જીવ-અજીવ ક્રમબદ્ધ પરિણમી રહ્યાં છે. ઇચ્છા થઇ માટે જ્ઞાન થતું નથી. ઇચ્છા ચારિત્ર-ગુણની પર્યાય છે, જ્ઞાનનો સ્વ-પર-પ્રકાશક સ્વભાવ છે. પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવરૂપે ઊપજતો જીવ જાણે છે કે અજીવ તેના વારે પરિણમી રહ્યું છે. જ્ઞાનરૂપે પરિણમે તે જીવ છે. જ્ઞાનમાં અજીવ જણાય છે—માટે અજીવને પરિણમવું પડે છે—એમ માને તો અજીવ જીવ થઈ જાય. [ ક્રમશઃ ]

# 卐 જગત હોંશથી લૂંટાય છે 卐

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૭ )

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના કર્તાકર્મ અધિકારનો આ ૪૫મો શ્લોક છે. (આગળના શ્લોક માટે પુસ્તકમાં આપેલી ફૂટનોટ વાંચી લેવી) તેના ઉપરનું ૨૭મું પદ્ય છે.

प्रथम नियत नय दूजी विवहार नय
दुहूकौं फलावत अनन्त भेद फले हैं ।
ज्यौं ज्यौं नय फलैं त्यौं त्यौं मनके कल्लोल फलैं
चंचल सुभाव लोकोलोकलौं उछले हैं ॥
एसी नयपक्ष ताकौ पक्ष तजि ग्यानी जीव,
समरसी भए एकतासौं नहि टले हैं ।
महामोह नासि सुद्ध अनुभौ अभ्यासि निज,
बल परगासि सुखरासि मांहि रले हैं ॥ २७ ॥

બનારસીદાસજી શું કહે છે ?—બનારસીદાસજી નયજ્ઞાન દ્વારા વસ્તુરૂપ જાણીને સમરસભાવમાં રહેનારાઓની આ શ્લોકમાં પ્રસંશા કરે છે.—જેને સમ્યગ્દર્શન એટલે ધર્મની પ્રથમ દશાની પ્રાપ્તિ થાય તેને શું થાય? તે કહેશે.

આ તો કર્તા-કર્મ અધિકાર છે ને! દરેક આત્મા સ્વતંત્ર પદાર્થ છે. દરેક પરમાણુ પણ સ્વતંત્ર પદાર્થ છે. માટે એક આત્મા બીજા આત્માનું કે રજકણનું કોઈ કાર્ય કરી શકતો નથી. જીવની સાથે જડ કર્મોનું બંધન થાય છે તે પણ ખરેખર જીવનું કાર્ય નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કર્મબંધન એ પુદ્ગલની સ્વતંત્ર પર્યાય છે.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર પરમદેવે કહેલા આત્મસ્વરૂપનું જેને ભાન નથી તે જીવ પોતાને પુણ્ય-પાપના ભાવ જેવડો માને છે એવો મિથ્યાદૃષ્ટિ-બહિરાત્મા જડકર્મોને બાંધે છે. તેને જૈન દર્શનની ખબર જ નથી. તે જૈન નથી. જીવ તો કર્મ બાંધી શકતો નથી પણ તેના પરિણામ કર્મ બાંધવામાં નિમિત્ત થાય છે.

અરે! એક વિકલ્પને પણ જે મારો માને છે અને વિકલ્પનો કર્તા થાય છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. હું અનાદિ અનંત નિત્ય ધ્રુવ, શુદ્ધ પરિપૂર્ણ છું એવો જે

નિશ્ચયનયનો મનના સંગે થયેલો વિકલ્પ છે તે મારો છે અને તેનો હું કર્તા છું એવી માન્યતા છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

અર્થ :—પહેલો નિશ્ચય અને બીજો વ્યવહારનય છે, એનો પ્રત્યેક દ્રવ્યના ગુણ-પર્યાયોની સાથે વિસ્તાર કરવામાં આવે તો અનંત ભેદ થઈ જાય છે. જેમ જેમ નયના ભેદ વધે છે તેમ તેમ ચંચળ સ્વભાવી ચિત્તમાં તરંગો પણ ઊપજે છે, જે લોક અને અલોકના પ્રદેશોની બરાબર છે. જે જ્ઞાની જીવ આવી નયકક્ષાનો પક્ષ છોડીને, સમતારસ ગ્રહણ કરીને, આત્મસ્વરૂપની એકતા છોડતા નથી, તેઓ મહા મોહનો નાશ કરીને, અનુભવના અભ્યાસથી નિજાત્મબળ પ્રગટ કરીને, પૂર્ણ આનંદમાં લીન થાય છે.

જેટલા નય છે તેટલા વસ્તુમાં ભેદ પડે છે. જેમ જેમ એ ભેદોનો વિચાર કરે છે તેમ તેમ મનના સંગે વિકલ્પના કલ્લોલો ઊપજે છે. તેનો પક્ષ પણ છોડીને અંતરમાં જઈ શકાય છે કેમકે આત્મા તો નિર્વિકલ્પ ચીજ છે. વિકલ્પની જાળ તો દુ:ખરૂપ છે.

ભગવાન સર્વજ્ઞદેવે જે અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ ગુણો પ્રગટ કર્યા છે તે અંદરમાં છે તેમાંથી આવ્યા છે. તેમ દરેકના આત્મામાં એવા ગુણો અંદરમાં રહેલા છે પણ તેનો માત્ર વિચાર કર્યા કરવો તે કાંઈ સ્વરૂપ નથી. એ તો વિષમભાવ છે. રાગની વૃત્તિ ઊઠે છે તે દુ:ખરૂપ છે, વિષમભાવ છે. અંતરમાં જઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે ત્યાં સમરસીભાવ પ્રગટ થાય, ત્યાં રાગરૂપ વિષમભાવનો નાશ થાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. પહેલાં વિકલ્પમાં સ્વભાવનો નિર્ણય કરીને, તે વિકલ્પને છોડીને સમભાવ વડે આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે ત્યાં વિકલ્પનો નાશ થઈ જાય છે અર્થાત્ વિકલ્પ છૂટી જાય છે.

ધર્મના મોઢાં મોટાં છે ભાઈ! એ કાંઈ ક્રિયાકાંડ વડે પ્રગટ થતો નથી. વિકલ્પ દ્વારા પણ ધર્મનું ગ્રહણ થતું નથી. યોગ કે ઉપયોગ એ પણ વિષમભાવ છે. એક વીતરાગભાવ જ સમરસીભાવ છે તે વડે આત્માનો આનંદ પ્રગટે છે. કેમ કે આત્મા વીતરાગસ્વરૂપ છે તેની અંતર સન્મુખ જતાં અંદરથી વીતરાગ સમરસીભાવ ઝરે છે. તે અનુભવની એકતામાં વિકલ્પનું એકલાપણું-બેપણું આવતું નથી. અંતરની એકાગ્રતામાં એ વિકલ્પને આવવા દેતો નથી.

આ તો વીતરાગી ભગવાન પાસેથી આવેલી વાણીને સંતો આડતિયા થઈને જગતને પહોંચાડે છે.

રાગની ક્રિયાનો કર્તા પોતાને માનવો એ તો મહામિથ્યાત્વ છે. આ દેહ અને

વિકલ્પની પાછળ ચૈતન્યસમુદ્ર રહેલો છે. જેમ, સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય યોજનમાં વ્યાપેલો છે અને તેમાં અસંખ્યાતા રત્નો છે તેમ આ ચૈતન્યસમુદ્રમાં તો અનંતા ચૈતન્યરત્નો છે. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ અનંત રત્નો રહેલા છે પણ અજ્ઞાની તેને બીજે ક્યાંક ગોતવા જાય છે.

હું શુદ્ધ છું, બુદ્ધ છું, એક છું એવા બધાં જે વિકલ્પ છે તે અશુદ્ધ છે. એની દૃષ્ટિ છોડી શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે અનુભવના અભ્યાસથી નિજાત્મબળ પ્રગટ કરીને પૂર્ણ આનંદમાં લીન થાય છે. સ્વભાવ સન્મુખમાં વીર્ય ફેરવી આત્મધર્મનો પ્રકાશ કરે છે તે પોતાના સ્વભાવના બળથી થાય છે. રાગનું બળ એ તો નપુંસકતા છે, તે આત્મબળ નથી.

આત્મામાં એક નહિ પણ અનંત ગુણ છે અને એક એક ગુણમાં અનંતી પર્યાય પ્રગટ થવાની તાકાત છે. એવી અનંતશક્તિમય વસ્તુનો અનુભવ કરવામાં નિજનું બળ જોઈએ છે. પુણ્ય-પાપમાં જે બળ છે તે નિજબળ-વીર્ય ન હતું. એ તો નપુંસકતા છે. ધંધો કરવાનો વિકલ્પ, પૈસા રાખવાનો વિકલ્પ, ભોગવવાનો વિકલ્પ...એ બધી નપુંસકતા છે, દુઃખરૂપ ભાવ છે. શુભરાગરૂપ વિકલ્પ એ પણ નપુંસકતા છે પણ એનાથી વિશેષ—એ ભાવને મારા માનવા તે મહા નપુંસકતા છે.

અરે! સત્ય વાત એના કાને ન પડે તો એ સમજે ક્યારે અને ક્યારે ધર્મ કરે! કંદમૂળ ન ખાય, રાત્રિભોજન ન કરે, દયા પાળે, દાન કરે, ભક્તિ વગેરે બધી દેહની અને રાગની ક્રિયા કરે પણ તેથી શું! તેનાથી ધર્મની દશા પ્રગટ થતી નથી. તો ધર્મની દશા કેવી રીતે પ્રગટે?—કે, **महामोह नासि, सुद्ध अनुभव अभ्यासि निज बल परगासि**...પરદ્રવ્યમાં સુખ માનતો હતો, પુણ્ય-પાપ વિકલ્પને પોતાના માનતો હતો તે મહામોહ હતો તેનો નાશ કરી, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે ત્યારે તેને સમરસ નામ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, ત્યારે તેને ચોથું ગુણસ્થાન પ્રગટ થાય છે. આ ધર્મની પ્રથમ દશા છે.

**...सुखरासि मांहे रले है।** ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકંદ છે તેમાં એકાગ્ર થતાં સુખસાગરનો અનુભવ થાય છે તેમાં તેને સમરસમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

બરણીમાં કરિયાતું ભર્યું હોય અને ઉપર 'સાકર' લખે તેથી કાંઈ કરિયાતું સાકર થઈ જાય? ન થાય. તેમ અંતરમાં કાંઈ આનંદનો અનુભવ ન હોય અને અમને ક્ષાયિક થઈ ગયું છે એમ કહે તેથી કાંઈ ક્ષાયિક થઈ જાય?

હવે ૪૬મા શ્લોકના ૨૮મા પદ્યમાં કહે છે કે સમ્યગ્જ્ઞાનથી આત્મસ્વરૂપની ઓળખાણ થાય છે.

जैसैं काहू बाजीगर चैहटै बजाइ ढोल,
नानारूप धरिकैं भगल-विद्या ठानी है ।
तैसैं मैं आनादिकौ मिथ्यात्वकी तरंगनिसौं,
भरममैं धाइ बहु काय निज मानी है ॥
अब ज्ञानकला जागी भरमकी दृष्टि भागी,
अपनी पराई सब सौंज पहिचानी है ।
जाकै उदै होत परवान ऐसी भांति भई,
निहचै हमारी जोति सोई हम जानी है ॥ २८ ॥

અર્થ :—જેમ કોઈ તમાશગિર ચોકમાં ઢોલ વગાડે અને અનેક સ્વાંગ રચીને ઠગવિદ્યાથી લોકોને ભ્રમમાં નાખી દે, તેવી જ રીતે હું અનાદિકાળથી મિથ્યાત્વના ઝપાટાથી ભ્રમમાં ભૂલી રહ્યો અને અનેક શરીરોને અપનાવ્યાં. હવે જ્ઞાનજ્યોતિનો ઉદય થયો જેથી મિથ્યાદૃષ્ટિ ખસી ગઈ, બધી સ્વ-પર વસ્તુની ઓળખાણ થઈ અને તે જ્ઞાનકળા પ્રગટ થતાં જ એવી અવસ્થા પ્રાપ્ત થઈ કે અમે અમારી મૂળ જ્ઞાનજ્યોતિને ઓળખી લીધી. ૨૮.

જેમ તમાશગીર અનેક પ્રકારના વેષ ધારીને ઠગવિદ્યાથી લોકોને ઠગે છે તેમ અનાદિથી જીવ મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા વડે પોતે પોતાને ભ્રમમાં ભૂલી રહ્યો છે. શરીરની ક્રિયા હું કરી શકું છું, દયા, દાનાદિ ભાવ થાય તે મારો ધર્મ છે એવા મિથ્યાભ્રમમાં મેં ઠગવિદ્યા સાધીને મને જ મેં ઠગ્યો છે અને અનેક શરીરો મળ્યા તેને મેં મારાપણે અપનાવ્યા એ પણ મારો મિથ્યાભ્રમ જ હતો.

હું તો ત્રિકાળ વીતરાગસ્વભાવી છું અને મારામાંથી વીતરાગતા જ આવે એવા ભાન વિના હું રાગી છું અને અનેક પ્રકારના રાગ આવે તે મારું કાર્ય છે એવી ભ્રમણા સેવી છે. બાયડી-છોકરા મારા અને હું તેનો, વિકલ્પ મારા છે અને હું તેનો છું એમ પરદ્રવ્ય અને પરભાવમાં જ એકત્વ માન્યું છે. તેથી દોડત દોડત દોડિયો, જેતી મનની દોડ...કયારેક તીર્થમાં દોડયો કે જાણે સમ્મેદશિખરની યાત્રાથી મારું કલ્યાણ થશે. પણ કલ્યાણનો નાથ બિરાજે છે તેની સામું તો જોયું જ નહિ. છ-છ મહિનાના ઉપવાસ કર્યા, ભગવાનની સામે સો-સો વાર ખમાસમણાં લીધાં... એવી અનેક ક્રિયાઓ કરી તે બધી મજૂરી છે—જડની ક્રિયા છે, આત્માની ક્રિયા

નથી. અને રાગની મંદતામાં ધર્મ માન્યો પણ એ તો પરભાવ છે તેનાથી ધર્મ ક્યાંથી થાય? પણ મિથ્યાત્વના શલ્યમાં જીવે પૂર્વે આવા અનેક પ્રકારના ભાવો કર્યાં છે.

હવે જ્યાં જ્ઞાનજ્યોતિનો ઉદય થયો—ભગવાન આત્મા હું જ્ઞાનસ્વરૂપ છું એવી એકાગ્રતાથી ભણકાર આવ્યો ત્યાં મિથ્યાબુદ્ધિ ભાગી જાય છે. અરે! હું તો એક વિકલ્પથી માંડીને આખા જગતથી પેલે પાર છું. હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું તે સિવાય કોઈ પરભાવ મારા નથી.

જેમ, નારદ દ્વારા લલચાયેલો રાજા, દ્રૌપદીને ધાતકીખંડમાં ઉપાડી ગયો હતો તે ખબર પડતાં પાંડવો અને શ્રીકૃષ્ણ તેને લેવા ધાતકીખંડમાં જાય છે અને શંખ ફૂંકે છે ત્યાં પહેલાં રાજાની સેના ભાગવા લાગે છે તેમ, ભગવાન આત્માના દર્શન અને જ્ઞાન થતાં મોહની સેના ભાગવા લાગે છે. રાજા પોતે સ્ત્રીના કપડાં પહેરીને શ્રીકૃષ્ણના ચરણે જાય છે. તેમ વિકાર બધાં ઢીલા પડી જાય છે. (દ્રૌપદીને લોકોએ પાંચ પતિ ઠરાવ્યા છે પણ તેને તો એક અર્જુન જ પતિ હતો. એ તો સતી હતી. અર્જુન સિવાય બધાં પુરુષો તેને માટે પિતા અથવા પુત્ર સમાન હતા.)

સમ્યગ્દર્શન થતાં વિકલ્પના ભૂકે ભૂકા થઈ જાય છે અને સમ્યગ્દર્શન વિના તો બધું એકડાં વિનાના મીંડા જેવું છે તેનાથી કોઈ વિકલ્પોનો નાશ થતો નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં કોઈ વિકલ્પોની તાકાત રહેતી નથી.

નવતત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નથી, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નથી. અખંડાનંદ પ્રભુ આત્માનો અનુભવ કરીને પ્રતીતિ કરે તે સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન વિનાના વ્રત, તપ પણ એકડાં વિનાના મીંડા સમાન છે. જ્યાં જ્ઞાનકળા જાગે છે ત્યાં બધાં રાગાદિ વિકલ્પો જાળ સમાન લાગે છે. ભલે તે નયના વિકલ્પો હોય તોપણ તે આત્માના અમૃતની જાત નથી, ઝેરની જાત છે.

નવા માણસને એમ લાગે કે આવી વાત તો અમે ક્યાંય સાંભળી નથી. ભાઈ! આ તારા જ ઘરની વાત પરમેશ્વરે કહી છે પણ અરે! એને આ વાત સાંભળવા પણ મળી નથી તે ક્યારે સમજે અને ક્યારે અનુભવ કરે!...શું થાય! જગત લૂંટાય છે અને તે પણ ખુશી થઈને લૂંટાય છે—હોંશથી લૂંટાય છે. અને આ વાત તો બી.એ અને એલ. એલ. બી.ની વાતો છે એમ કરીને છોડી દે છે પણ ભાઈ! આ તો પહેલાં એકડાંની વાત છે.

જ્ઞાનકળા જાગતાં ભ્રમદૃષ્ટિ ભાગી જાય છે અને સ્વ તથા પરનું સ્વરૂપ જેમ છે તેમ જણાય છે. હું આનંદસ્વરૂપ આત્મા છું અને વિકલ્પાદિ બધું પર છે એમ સ્વ-

પર બંનેનું સાચું જ્ઞાન થઈ જાય છે. હું તો આનંદનો સાગર છું અને રાગાદિ વિકાર તો દુઃખના સાગર છે અને શરીરાદિ પરદ્રવ્ય તો જડ છે.

આગળ આવી ગયું છે કે હું તો ચૈતન્યરૂપ, અનુપ અને અમૂર્ત છું, મારું સ્વરૂપ તો સદા સિદ્ધ સમાન છે.

ચેતનરૂપ, અનૂપ, અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો,
મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો.
જ્ઞાનકલા ઉપજી અબ મોકું,...વેગે મિટે ઘટવાસ વસેરો...

જેમ, ચાર શેર ઘી પાયેલો મેસૂબ ચામડામાં વીંટીને ન રખાય તેમ આ અમૃતસાગર ભગવાન આત્માને શરીરમાં અને રાગમાં વીંટાળું તે કલંક છે. પણ તેને પોતાની મોટપની ખબર નથી એટલે પામર થઈને ફરે છે. પણ જો એ જ આત્મા જાગી જાય તો શત્રુની સેના ભાગી જાય. જેમ રણે ચડયા રજપૂત છૂપે નહિ તેમ, જ્ઞાનકળાએ જાગેલો આત્મા છૂપો રહેતો નથી. આત્મા જાગે તેનું જ નામ ધર્મ છે. અમારી ચૈતન્યજ્યોત જાગી હવે રાગ-ફાગ કોઈ અમારે નથી. આવા અનુભવનું નામ સમ્યગ્દર્શન છે. [ ક્રમશઃ ]

## 卐 ભાઈ! એકવાર જો તો ખરો! 卐

સંતો કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે! દેવ-ગુરુ પંચપરમેષ્ઠી આદિને જોવાનું તો બંધ કરી દે પણ ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરીને તારા દ્રવ્યને જોવાની આંખને ખુલ્લી કરીને જો! ભાઈ! આ તો પ્રવચનસાર એટલે સંતોના હૃદયના કાળજા છે. એ સંતો એમ કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે. નરકાદિ પર્યાયને જોવાની આંખ તો બંધ કરી દે પણ સિદ્ધ પર્યાયને જોવાનું પણ બંધ કરી દે, તો તને દ્રવ્ય-ભગવાનને જોવાના-દેખવાના ચક્ષુ ખુલી જશે. ભાઈ! એક વાર જો તો ખરો! પ્રભુ! તું કોણ છો! જ્યાં પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને જોવાનું જ્ઞાન ઊઘડી ગયું. પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને દેખવાની આંખ ઊઘડી ગઈ. હવે એ ભગવાન છાનો નહિ રહી શકે! — પૂજ્ય ગુરુદેવ

# ✻ ઋદ્ધિપ્રાપ્ત ઋષિવરોની ઋદ્ધિનું સ્વરૂપ ✻

ઋદ્ધિના આઠ પ્રકાર છે:—૧. બુદ્ધિ, ૨. ક્રિયા, ૩. વિક્રિયા, ૪. તપ, ૫. બળ, ૬. ઔષધ, ૭. રસ અને ૮. ક્ષેત્ર. આ આઠ ઋદ્ધિઓનું સ્વરૂપ કહેવાય છે—

(૧) બુદ્ધિઋદ્ધિનું સ્વરૂપ:—બુદ્ધિઋદ્ધિના અઢાર પ્રકાર છે:—૧. કેવળજ્ઞાન, ૨. અવધિજ્ઞાન, ૩. મનઃપર્યયજ્ઞાન, ૪. બીજબુદ્ધિ, ૫. કોષ્ટબુદ્ધિ, ૬. પદાનુસારિણી, ૭. સંભિન્નશ્રોતૃત્વ, ૮. દૂરાસ્વાદન સમર્થતા, ૯. દૂરદર્શન સમર્થતા, ૧૦. દૂરસ્પર્શન સમર્થતા, ૧૧. દૂરઘ્રાણ સમર્થતા, ૧૨. દૂરશ્રોત્ર સમર્થતા, ૧૩. દશપૂર્વિત્વ, ૧૪. ચતુર્દશ-પૂર્વિત્વ, ૧૫. અષ્ટાંગનિમિતતા, ૧૬. પ્રજ્ઞાશ્રમણત્વ, ૧૭. પ્રત્યેકબુદ્ધતા અને ૧૮. વાદિત્વ. તેમનું સ્વરૂપ નીચે મુજબ છે:-

૧-૩. કેવળજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યયજ્ઞાન—આ ત્રણેનું સ્વરૂપ મોક્ષશાસ્ત્રના અધ્યાય ૧, સૂત્ર ૨૧ થી ૨૫ તથા ૨૭ થી ૩૦ સુધીમાં જોઈ લેવું.

૪. બીજબુદ્ધિ:—એક બીજપદને ( મૂળપદને ) ગ્રહણ કરવાથી અનેક પદ અને અનેક અર્થનું જાણવું તે બીજબુદ્ધિ છે.

૫. કોષ્ટબુદ્ધિ:—જેમ કોઠારમાં નાખેલ ધાન્ય, બીજ વગેરે ઘણા કાળ સુધી જેમનાં તેમ રહે, વધે ઘટે નહિ, પરસ્પર મળે નહિ તેમ પરના ઉપદેશથી ગ્રહણ કરેલ ઘણા શબ્દો, અર્થ, બીજ જે બુદ્ધિમાં જેમ ને તેમ રહે—એક અક્ષર તથા અર્થ વધે ઘટે નહિ, આગળ-પાછળ અક્ષર થાય નહિ તે કોષ્ટબુદ્ધિ છે.

૬. પદાનુસારિણી બુદ્ધિ:—ગ્રંથની શરૂઆત, મધ્ય અગર અંતનું એક પદનું શ્રવણ કરી સમસ્ત ગ્રંથ તથા તેના અર્થનો નિશ્ચય કરવો તે પદાનુસારિણીબુદ્ધિ છે.

૭. સંભિન્નશ્રોતૃત્વ બુદ્ધિ:—ચક્રવર્તીની છાવણી બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી પડી હોય છે, તેમાં હાથી, ઘોડા, ઊંટ, મનુષ્યાદિના જુદા જુદા પ્રકારના અક્ષર-અનક્ષરાત્મક શબ્દો એક વખતે યુગપત્ ઊપજે છે; તેને તપ વિશેષના કારણે ( આત્માના બધા પ્રદેશોએ શ્રોત્રેન્દ્રિયાવરણકર્મનો ક્ષયોપશમ થતાં ) એક કાળે જુદા જુદા શ્રવણ કરે ( સાંભળે ) તે સંભિન્નશ્રોતૃત્વબુદ્ધિ છે.

૮. દૂરાસ્વાદન સમર્થતાબુદ્ધિ:—તપવિશેષના કારણે ( પ્રગટ થતા અસાધારણ

રસનેન્દ્રિય શ્રુતજ્ઞાનાવરણ, વીર્યાંતરાયના ક્ષયોપશમ અને અંગોપાંગનામકર્મના ઉદયથી) મુનિને રસનો જે વિષય નવ યોજન પ્રમાણ હોય, તેના રસાસ્વાદનું (રસને જાણવાનું) સામર્થ્ય હોય તે દૂરાસ્વાદન સમર્થતાબુદ્ધિ છે.

૯-૧૨. દૂરદર્શન-સ્પર્શન-ઘ્રાણ-શ્રોત્ર સમર્થતાબુદ્ધિઃ—ઉપર મુજબ ચક્ષુરિન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયના વિષયના ક્ષેત્રથી બહાર ઘણાં ક્ષેત્રનાં રૂપ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણવાનું સામર્થ્ય હોવું તે. તે તે નામની ચાર પ્રકારની બુદ્ધિ છે.

૧૩. દશપૂર્વિત્વ બુદ્ધિ :—મહારોહિણી વગેરે વિદ્યાદેવતા ત્રણ વાર આવે અને દરેક પોતપોતાનું સ્વરૂપસામર્થ્ય પ્રગટ કરે એવી વેગવાન વિદ્યાદેવતાના લોભાદિથી જેનું ચારિત્ર ચલાયમાન ન થાય તે દશપૂર્વિત્વબુદ્ધિ છે.

૧૪. ચતુર્દશપૂર્વિત્વબુદ્ધિ :—સંપૂર્ણ શ્રુતકેવળીપણું હોવું તે ચતુર્દશપૂર્વિત્વબુદ્ધિ છે.

૧૫. અષ્ટાંગ નિમિત્તતાબુદ્ધિ :—અંતરિક્ષ, ભૌમ, અંગ, સ્વર, વ્યંજન, લક્ષણ, છિન્ન અને સ્વપ્ન એ આઠ પ્રકારનું નિમિત્તજ્ઞાન છે, તેનું સ્વરૂપ નીચે મુજબ છે :—

સૂર્ય અને ચંદ્ર નક્ષત્ર ઉદય-અસ્તાદિક દેખી અતીત-અનાગત ફળનું જાણવું તે અંતરિક્ષ નિમિત્તજ્ઞાન છે ૧. પૃથ્વીની કઠોરતા, કોમળતા, ચીકાશ કે કોમળતા, ચીકાશ કે લૂખાશ દેખી, વિચાર કરી અગર પૂર્વાદિક દિશામાં સૂત્ર પડતાં દેખી હાનિ-વૃદ્ધિ જય-પરાજય વગેરે જાણવું તથા ભૂમિમાં રહેલાં સુવર્ણ, રૂપું વગેરેનું પ્રગટ જાણવું તે ભૌમનિમિત્તજ્ઞાન છે ૨. અંગ ઉપાંગાદિના દર્શન-સ્પર્શનાદિથી ત્રિકાળભાવી સુખ-દુઃખાદિ જાણવું તે અંગનિમિત્તજ્ઞાન છે. ૩. અક્ષર-અનક્ષરરૂપ તથા શુભ-અશુભને સાંભળી ઇષ્ટાનિષ્ટ ફળનું જાણવું તે સ્વરનિમિત્તજ્ઞાન છે ૪. મસ્તક, મુખ, ડોક વગેરે ઠેકાણે તલ, તુસલ, લાખ ઇત્યાદિ લક્ષણ દેખીને ત્રિકાળ સંબંધી હિત-અહિતનું જાણવું તે વ્યંજન નિમિત્તજ્ઞાન છે ૫. શરીર ઉપર શ્રીવૃક્ષ, સ્વસ્તિક, કલશ વગેરે ચિહ્ન દેખીને ત્રિકાળ સંબંધી પુરુષનાં સ્થાન, માન, ઐશ્વર્યાદિક વિષયોનું જાણવું તે લક્ષણ નિમિત્તજ્ઞાન છે ૬. વસ્ત્ર-શસ્ત્ર-આસન-શયનાદિકથી, દેવ-મનુષ્ય-રાક્ષસાદિથી તથા શસ્ત્ર કંટકાદિથી છેદાય તેને દેખીને ત્રિકાલ-સંબંધી લાભ-અલાભ, સુખ-દુઃખનું જાણવું તે છિન્નનિમિત્ત જ્ઞાન છે ૭. વાત, પિત્ત શ્લેષ્મરહિત પુરુષને મુખમાં પાછલી રાત્રે ચંદ્રમા, સૂર્ય, પૃથ્વી, પર્વત કે સમુદ્રનું પ્રવેશાદિ થવું-એવું સ્વપ્ન તે શુભસ્વપ્ન છે, ઘી, તેલથી પોતાનો દેહ લેપાયેલ અને ગધેડા-ઊંટ ઉપર ચઢી દક્ષિણ દિશામાં ગમન ઇત્યાદિ કરે-એવું સ્વપ્ન તે અશુભ સ્વપ્ન છે, તેના દર્શનથી આગામી કાળમાં જીવન-

મરણ, સુખ-દુઃખાદિનું જ્ઞાન થવું તે સ્વપ્ન નિમિત્તજ્ઞાન છે ૮. આ આઠ પ્રકારના નિમિત્ત-જ્ઞાનના જે જ્ઞાતા હોય તેને અષ્ટાંગનિમિત્તબુદ્ધિ ઋદ્ધિ છે.

૧૬. પ્રજ્ઞાશ્રમણત્વબુદ્ધિ :—કોઈ અતિસૂક્ષ્મ અર્થના સ્વરૂપનો વિચાર જેવો હોય તેવો ચૌદ પૂર્વધર જ નિરૂપણ કરી શકે, અન્ય ન કરી શકે; એવા સૂક્ષ્મ અર્થને જે સંદેહ રહિત નિરૂપણ કરે એવી પ્રકૃષ્ટ શ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રગટ થયેલી પ્રજ્ઞાશક્તિ તે પ્રજ્ઞાશ્રમણત્વબુદ્ધિ છે.

૧૭. પ્રત્યેકબુદ્ધિતાબુદ્ધિ :—પરના ઉપદેશ વિના જે પોતાની શક્તિવિશેષથી જ્ઞાન-સંયમના વિધાનમાં નિપુણ હોય તે પ્રત્યેકબુદ્ધિતાબુદ્ધિ છે.

૧૮. વાદિત્વબુદ્ધિ :—ઇન્દ્ર વગેરે આવીને વાદ કરે તેને નિરુત્તર કરી દે, પોતે રોકાય નહિ અને સામા વાદીના છિદ્રને જાણી લે એવી શક્તિ તે વાદિત્વબુદ્ધિ છે.

એ પ્રમાણે આઠ ઋદ્ધિઓમાંથી પહેલી બુદ્ધિઋદ્ધિના અઢાર પ્રકાર છે. આ બુદ્ધિઋદ્ધિ સમ્યગ્જ્ઞાનનો મહાન મહિમા જણાવે છે.

## (૨) બીજી ક્રિયાઋદ્ધિનું સ્વરૂપ

ક્રિયાઋદ્ધિ બે પ્રકારની છે—૧. આકાશગામિત્વ અને ૨. ચારણ.

૧. ચારણઋદ્ધિ અનેક પ્રકારની છે. જળ ઉપર પગ મૂકતાં ઉપાડતાં જળકાયિક જીવોને બાધા ન ઊપજે તે જલચારણઋદ્ધિ છે. ભૂમિથી ચાર આંગળ ઊંચા આકાશમાં શીઘ્રતાથી સેંકડો યોજન ગમન કરવામાં સમર્થતા તે જંઘાચારણઋદ્ધિ છે. તેમ જ તંતુચારણ, પુષ્પચારણ, શ્રેણીચારણ, અગ્નિશિખાચારણ ઇત્યાદિ ચારણઋદ્ધિ છે. પુષ્પ, ફળ વગેરે ઉપર ગમન કરવાથી તે પુષ્પ, ફળ વગેરેના જીવોને બાધા ન થાય તે સમસ્ત ચારણઋદ્ધિ છે.

૨. આકાશગામિત્વક્રિયાઋદ્ધિ :—પર્યંક આસને બેસી વા કાયોત્સર્ગ આસન કરી, પગને ઉપાડયા-મેલ્યા વગર આકાશમાં ગમન કરવામાં કુશળ હોય તે આકાશ-ગામિત્વક્રિયા ધારક છે.

## (૩) ત્રીજી વિક્રિયાઋદ્ધિનું સ્વરૂપ :—

વિક્રિયાઋદ્ધિના અનેક પ્રકારો છે. ૧. અણિમા, ૨. મહિમા, ૩. લઘિમા, ૪. ગરિમા, ૫. પ્રાપ્તિ, ૬. પ્રાકામ્ય, ૭ ઇશિત્વ, ૮. વશિત્વ, ૯. અપ્રતિઘાત, ૧૦. અંતર્ધાન, ૧૧. કામરૂપિત્વ વગેરે અનેક છે. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :—

અણુમાત્ર શરીર કરવાનું સામર્થ્ય તે અણિમાઋદ્ધિ છે, તે કમળના છિદ્રમાં

પ્રવેશ કરી ત્યાં બેસી ચક્રવર્તીની વિભૂતિ રચે-૧. મેરુથી પણ મહાન શરીર કરવાનું સામર્થ્ય તે મહિમાઋદ્ધિ-૨. પવનથી પણ હલકું શરીર કરવાનું સામર્થ્ય તે લઘિમાઋદ્ધિ-૩. વજ્રથી પણ અતિ ભારે શરીર કરવાનું સામર્થ્ય તે ગરિમાઋદ્ધિ-૪. ભૂમિમાં બેસી આંગળીને અગ્ર કરી મેરુ પર્વતના શિખર તથા સૂર્ય-વિમાનાદિને સ્પર્શન કરવાનું સામર્થ્ય તે પ્રાપ્તિઋદ્ધિ-૫. જળમાં જમીનને ઉન્મજ્જન (ઉપર લાવવી) તેમ જ નિમજ્જન (બુડાડવી) એવું સામર્થ્ય તે પ્રાકામ્યઋદ્ધિ-૬. ત્રિલોકનું પ્રભુપણું રચવાનું સામર્થ્ય તે ઈશિત્વઋદ્ધિ-૭. દેવ, દાનવ, મનુષ્ય વગેરેને વશીકરણ કરવાનું સામર્થ્ય તે વશિત્વઋદ્ધિ-૮. પર્વતાદિકની અંદર આકાશની જેમ ગમન-આગમનનું સામર્થ્ય તે અપ્રતિઘાતઋદ્ધિ-૯. અદૃશ્ય હોવાનું સામર્થ્ય તે અંતર્ધાનઋદ્ધિ-૧૦. યુગપત્ અનેક આકારરૂપ શરીર કરવાનું સામર્થ્ય તે કામરૂપિત્વઋદ્ધિ-૧૧. આ વગેરે અનેક પ્રકારની વિક્રિયાઋદ્ધિ છે.

## (૪) ચોથી તપઋદ્ધિ :—

તપઋદ્ધિ સાત પ્રકારની છે—૧. ઉગ્રતપ, ૨. દીપ્તિતપ, ૩. નિહારતપ, ૪. મહાનતપ, ૫. ઘોરતપ, ૬. ઘોરપરાક્રમતપ અને ૭. ઘોરબ્રહ્મચર્યતપ, તેનું સ્વરૂપ નીચે મુજબ છે :—

એક ઉપવાસ, બે-ત્રણ-ચાર-પાંચ વગેરે ઉપવાસ નિમિત્તે કોઈ યોગનો આરંભ થયો તો મરણ પર્યંત તે ઉપવાસથી ઓછા દિવસે પારણું ન કરે, કોઈ કારણથી અધિક ઉપવાસ થઈ જાય તો મરણપર્યંત તેનાથી ઓછા ઉપવાસ કરી પારણું ન કરે—આવું સામર્થ્ય પ્રગટ હોવું તે ઉગ્રતપઋદ્ધિ-૧. મહાન ઉપવાસાદિક કરતાં મન-વચન-કાયનું બળ વધતું જ રહે, મુખ દુર્ગંધરહિત રહે, કમળાદિકની સુગંધ જેવો સુગંધી શ્વાસ નીકળે અને શરીરની મહાન દીપ્તિ પ્રગટ થાય તે દીપ્તિઋદ્ધિ-૨. તપેલી લોઢાની કડાઈમાં પાણીનાં ટીપાં જેમ સુકાઈ જાય તેમ આહાર પચી જાય, સુકાઈ જાય અને મળ, રુધિરાદિરૂપ ન પરિણમે, તેથી નિહાર ન થાય આવું હોવું તે નિહારતપઋદ્ધિ-૩. સિંહક્રીડિતાદિ મહાન તપ કરવામાં તત્પર હોવું તે મહાનતપઋદ્ધિ-૪. વાત, પિત્ત, શ્લેષ્મ વગેરેથી ઊપજેલ જ્વર, ઉધરસ, શ્વાસ, શૂળ, કોઢ, પ્રમેહાદિક અનેક પ્રકારના રોગવાળું શરીર હોવા છતાં પણ અનશન, કાય-ક્લેશાદિ છૂટે નહિ અને ભયાનક સ્મશાન, પર્વતનું શિખર, ગુફા, ખંડિયેર, ઉજ્જડ ગામ વગેરેમાં દુષ્ટ રાક્ષસ, પિશાચાદિ પ્રવર્તે અને માઠા વિકાર ધારણ કરે તથા શિયાળના કઠોર રુદન, સિંહ-વાઘ વગેરે દુષ્ટ જીવોના ભયાનક શબ્દ જ્યાં નિરંતર પ્રવર્તે એવા ભયંકર સ્થાનમાં પણ નિર્ભય થઈ વસે તે ઘોરતપઋદ્ધિ-૫. પૂર્વે કહ્યું તેવું રોગરહિત શરીર હોવા છતાં અતિ ભયંકર

સ્થાનમાં વસીને યોગ (સ્વરૂપની એકાગ્રતા) વધારવાની તત્પરતા હોવી તે ઘોરપરાક્રમ-ઋદ્ધિ-૬. ઘણા કાળથી બ્રહ્મચર્યના ધારક મુનિને અતિશય ચારિત્રના જોરથી (મોહનીય-કર્મનો ક્ષયોપશમ થતાં) ખોટાં સ્વપ્નાઓનો નાશ થવો તે ઘોર બ્રહ્મચર્યતપઋદ્ધિ છે. ૭. આ પ્રમાણે સાત પ્રકારની તપઋદ્ધિ છે.

## (૫) પાંચમી બળઋદ્ધિનું સ્વરૂપ :—

બળઋદ્ધિના ત્રણ પ્રકાર છે :—૧. મનોબળઋદ્ધિ, ૨. વચનઋદ્ધિ, અને ૩. કાળ બળઋદ્ધિ. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :—પ્રકર્ષ પુરુષાર્થથી મન:શ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાંતરાયનો ક્ષયોપશમ થતાં અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ શ્રુત અર્થના ચિંતનનું સામર્થ્ય તે મનોબળઋદ્ધિ-૧. અતિશય પુરુષાર્થની મન-ઇન્દ્રિય-શ્રુતાવરણ તથા જિહ્વાશ્રુત-જ્ઞાનાવરણ અને વીર્યાંતરાયનો ક્ષયોપશમ થતાં અંતર્મુહૂર્ત સકળશ્રુતનું ઉચ્ચારણ કરવાનું સામર્થ્ય હોવું તથા નિરંતર ઉચ્ચસ્વરથી બોલતાં ખેદ ઊપજે નહિ, કંઠ કે સ્વરભંગ થાય નહિ તે વચનબળઋદ્ધિ-૨. વીર્યાંતરાયના ક્ષયોપશમથી અસાધારણ કાયબળ પ્રગટે અને એક માસ, ચાર માસ કે બાર માસ પ્રતિમાયોગ ધારણ કરતાં ખેદરૂપ ન થાય તે કાયબળઋદ્ધિ-૩.

## (૬) છઠ્ઠી ઔષધિઋદ્ધિનું સ્વરૂપ :—

ઔષધિઋદ્ધિ આઠ પ્રકારની છે :—૧. આમર્ષ, ૨. ક્ષેલ, ૩. જળ, ૪. મળ, ૫. વિટ, ૬. સર્વ, ૭. આસ્યાવિષ અને ૮. દૃષ્ટિવિષ. તેનું સ્વરૂપ નીચે મુજબ છે :—

અસાધ્યરોગ હોય તોપણ જેના હાથ-ચરણાદિનો સ્પર્શ થતાં જ સર્વ રોગ જાય તે આમર્ષઔષધિઋદ્ધિ-૧. જેના થૂંક, લાળ, કફાદિનો સ્પર્શ થતાં જ રોગ મટી જાય તે ક્ષેલઔષધઋદ્ધિ-૨. જેના દેહના પરસેવાનો સ્પર્શ થતાં જ રોગ મટી જાય તે જળઔષધઋદ્ધિ-૩. જેનાં કાન, દાંત, નાક અને નેત્રનો મળ જ સર્વ રોગનું નિરાકરણ કરવામાં સમર્થ હોય તે મળઔષધઋદ્ધિ-૪. જેનો વિટ-ઝાડો તથા મૂત્ર જ ઔષધરૂપ હોય તે વિટઔષધઋદ્ધિ-૫. જેના અંગ-ઉપાંગ, નખ, દાંત, કેશાદિકનો સ્પર્શ થતાં જ સમસ્ત રોગને હરે તે સર્વૌષધઋદ્ધિ-૬. તીવ્ર ઝેરમાં મળેલો આહાર પણ જેના મુખમાં જતાં ઝેર રહિત થઈ જાય તથા વિષથી વ્યાપ્ત જીવનું ઝેર જેના વચનથી જ ઊતરી જાય તે આસ્યવિષઔષધઋદ્ધિ-૭. જેને દેખવાથી મહાન વિષધારી જીવનું વિષ જતું રહે તથા કોઈને ઝેર ચડ્યું હોય તો તે ઊતરી જાય-એવી ઋદ્ધિ તે દૃષ્ટિવિષઋદ્ધિ છે-૮. આ પ્રમાણે આઠ પ્રકારની ઔષધઋદ્ધિ છે.

## (૭) સાતમી રસઋદ્ધિનું સ્વરૂપ :—

રસઋદ્ધિના છ પ્રકાર છે :—૧. આસ્યવિષ, ૨. દૃષ્ટિવિષ, ૩. ક્ષીર, ૪. મધુસ્રાવી, ૫. ધૃતસ્રાવી અને ૬. અમૃતસ્રાવી. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :—

પ્રકૃષ્ટ તપવાળા યોગી કદાચિત્ ક્રોધી થઈ કહે કે 'તું મરી જા,' તો તત્કાળ વિષ ચડીને મરી જાય તે આસ્યવિષરસઋદ્ધિ-૧. કદાચિત્ ક્રોધરૂપી દૃષ્ટિ દેખી મરી જાય તે દૃષ્ટિવિષરસઋદ્ધિ-૨. વીતરાગી મુનિને એવું સામર્થ્ય હોય કે તેઓ ક્રોધાદિકને પ્રાપ્ત ન થાય અને તેમના હાથમાં આવેલ વિરસભોજન ક્ષીરરસરૂપ થઈ જાય તથા જેનું વચન દુર્બલને ક્ષીરની જેમ પુષ્ટ કરે તે ક્ષીરરસઋદ્ધિ-૩. ઉપરના પ્રસંગમાં તે ભોજન મિષ્ટરસરૂપે પરિણમી જાય તે મધુસ્રાવીરસઋદ્ધિ-૪. તેમ જ તે ભોજનઘૃતરસરૂપે પરિણમી જાય તે ઋદ્ધિ ઘૃતસ્રાવીરસઋદ્ધિ-૫. તેમ જ તે ભોજન અમૃતરસરૂપે પરિણમી જાય તે અમૃતસ્રાવીરસઋદ્ધિ-૬. આ પ્રમાણે છ પ્રકારની રસઋદ્ધિ છે.

## (૮) આઠમી ક્ષેત્રઋદ્ધિનું સ્વરૂપ :—

ક્ષેત્રઋદ્ધિ બે પ્રકારની છે :—૧. અક્ષીણમહાન અને ૨. અક્ષીણમહાલય. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :—

લાભાંતરાયના પ્રકૃષ્ટ ક્ષયોપશથી અતિ સંયમવાન મુનિને જે ભાજનમાંથી ભોજન આપે તે ભાજનમાંથી ચક્રવર્તીનું સમસ્ત સૈન્ય ભોજન કરે તોપણ તે દિવસે ભોજનસામગ્રી ન ઘટે તે અક્ષીણમહાનક્ષેત્રઋદ્ધિ-૧. ઋદ્ધિસહિત મુનિ જે સ્થાનમાં બેસે ત્યાં દેવ, રાજા, મનુષ્યાદિક ઘણા આવીને બેસે તોપણ ક્ષેત્ર સાંકડું ન પડે, બાધા ન થાય તે અક્ષીણમહાલયક્ષેત્રઋદ્ધિ છે. આ પ્રમાણે બે પ્રકારની ક્ષેત્રઋદ્ધિ છે.

(—તત્ત્વાર્થસૂત્રમાંથી)

હું સિદ્ધ જેવો જ છું અને અરિહંત જેવો જ છું એવા વિશ્વાસમાં શુદ્ધ અસ્તિત્વનું જોર આપ્યું છે. જેવા અરિહંત-સિદ્ધ છે એવો જ હું છું એમ બેની સમાનતામાં શુદ્ધ-અસ્તિત્વના વિશ્વાસનું જોર છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# □ જ્ઞાનીને શુભભાવની ભાવના નથી □

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૬૯ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ ભાગની ૧૦૬ ગાથાનો ભાવાર્થ છે. તેમાં ગુરુ શિષ્યને કહે છે—શું કહે છે!

હે પ્રભાકર ભટ્ટ! મુનિરૂપ ધર્મ, અર્થરૂપ સંસારના પ્રયોજન અને કામ (વિષય અભિલાષા) આ ત્રણેય આત્માથી ભિન્ન છે, જ્ઞાનરૂપ નથી. નિશ્ચયનયથી સર્વ પ્રકારે નિર્મળ એક કેવળજ્ઞાનસ્વરૂપ પરમાત્મપદાર્થથી ભિન્ન આ ત્રણેય પુરુષાર્થથી ભિન્ન આ ત્રણેય પુરુષાર્થને છોડીને વીતરાગસ્વસંવેદનસ્વરૂપ શુદ્ધાત્માનુભવરૂપ જ્ઞાનમાં રહીને આત્માને જાણ!

શિષ્યે ગુરુને એવું પૂછ્યું છે કે પ્રભુ! મને એવું બતાવો કે જેથી મને જલ્દી આત્મજ્ઞાન થાય. બીજા કોઈ વિકલ્પોનું મારે કામ નથી. એક આત્માની પ્રાપ્તિ જ ધર્મ અને સુખનું કારણ છે માટે તેનો ઉપાય બતાવો.

ગુરુ શિષ્યને જવાબ આપે છે કે મુનિરૂપ ધર્મ એટલે કે મુનિના પંચમહાવ્રતાદિરૂપ વ્યવહાર આચરણ છે તે ખરો ધર્મ નથી, પુણ્ય છે અને લક્ષ્મી કમાવાનો ભાવ થાય છે તે પાપભાવ છે અને કામ એટલે વિષયભોગોની અભિલાષા થવી તે પણ પાપભાવ છે. આ ત્રણેય ભાવો આત્માના જ્ઞાનાનંદ ભાવથી જુદા છે, જ્ઞાનસ્વરૂપ નથી, માટે તે આત્માનું સ્વરૂપ નથી. અજ્ઞાનસ્વરૂપ છે એટલે કે તેમાં જ્ઞાનનો અંશ પણ નથી. માટે આ શુભ-અશુભ વિકલ્પ છે તે ધર્મ નથી અને ધર્મનું કારણ નથી.

નિશ્ચયનયથી સર્વ પ્રકારે વિશદ નામ નિર્મળ એક કેવળજ્ઞાનસ્વરૂપ હું આત્મા છું તો મને મારા આત્મધર્મની પ્રાપ્તિ કેમ થાય?—કે તારાથી ભિન્ન જે કોઈ શુભ-અશુભ ભાવ છે તેને તારાથી ભિન્ન જાણ અને તું તેનાથી ભિન્ન છો એમ જાણ! શુભાશુભભાવો તો આસ્રવતત્ત્વ છે અને તું તો જીવતત્ત્વ છો. માટે એ ધર્મ, અર્થ અને કામના પુરુષાર્થને છોડીને, કેવળ એક આત્મા છું એમ જાણ.

અહીં કેવળ એટલે કેવળજ્ઞાનની વાત નથી. અહીં તો કેવળ એટલે માત્ર એક ત્રિકાળી દ્રવ્યની વાત છે. તેનાથી ભિન્ન એવા ધર્મ, અર્થ અને કામનો પુરુષાર્થ તો

છોડવાયોગ્ય છે. જુઓ! ગુરુએ શિષ્યને પ્રથમ જ આ કરવાનું કહ્યું છે. પહેલાં દયા, દાન, વ્રત, ભક્તિ પાળજે અને પછી ધર્મનો પુરુષાર્થ કરજે એમ કહ્યું નથી. વચ્ચે ભલે એવો વ્યવહારનો ભાવ આવે પણ તે કાંઈ આદરવા જેવી ચીજ નથી. મુનિ અને શ્રાવકને યોગ્ય વ્રતાદિના ભાવને વ્યવહારથી ધર્મ કહ્યો છે તે પણ નિશ્ચયથી છોડવા યોગ્ય છે, આદરવા યોગ્ય નથી.

શુભ અને અશુભ રાગ તે આસ્રવતત્ત્વ છે અને આત્મા તો જીવતત્ત્વ છે તેને તું સ્વસંવેદનજ્ઞાનરૂપ સંવર નિર્જરાતત્ત્વમાં રહીને જાણ! વિકલ્પમાં રહીને જીવતત્ત્વ જણાશે નહિ, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનમાં જ જીવતત્ત્વ જણાશે.

આસ્રવપર્યાયને છોડીને સંવરપર્યાય દ્વારા શુદ્ધાત્માને લક્ષમાં લઈને તેમાં ઠર! શુભ-અશુભ ભાવની અનેક પ્રકારની પર્યાય છે તેને છોડી, સ્વસંવેદનજ્ઞાનરૂપ શુદ્ધપર્યાય વડે ત્રિકાળી દ્રવ્યને લક્ષમાં લે અને તેમાં જ ઠરી જા. શુદ્ધાત્માના અનુભવરૂપ પર્યાયમાં રહીને આત્માને જાણ એમ કહ્યું છે.

સંસારમાં ધન કમાવવાનો ભાવ છે તે અર્થપુરુષાર્થ કહેવાય છે અને વિષયવાસનાના ભાવને કામપુરુષાર્થ કહેવાય છે તે બંને પ્રકારના ભાવ અશુભ છે. અહીં તો અજીવની વાત પણ લીધી નથી. તેના સંબંધીના વિકલ્પ છે તેને છોડીને અને દયા, દાનાદિના, વ્રતાદિના શુભરાગરૂપ વિકલ્પને પણ છોડીને એટલે કે દૃષ્ટિમાંથી તે બંને પ્રકારના ભાવને છોડીને તું એક પરમાત્મસ્વરૂપને ભાવ! શુદ્ધાત્મામાં અનુભવરૂપ સ્વસંવેદન પર્યાયમાં રહીને શુદ્ધાત્માને જાણ!

જુઓ! શાસ્ત્રથી કે વિકલ્પથી કે શાસ્ત્રજ્ઞાનથી આત્માને જાણે છે તેણે આત્માને જાણ્યો નથી. સ્વસંવેદનજ્ઞાનથી આત્માને જાણે ત્યારે જ આત્મા જણાય છે. માટે હે શિષ્ય! તું વીતરાગસ્વસંવેદનસ્વરૂપ શુદ્ધાત્માનુભવરૂપ જ્ઞાનમાં રહીને આત્માને જાણ એમ કહ્યું છે.

હવે ૧૦૭મી ગાથામાં આત્માનું સ્વરૂપ બતાવે છે.

अप्पा णाणहँ गम्मु पर णाणु वियाणइ जेण ।
तिण्णि वि मिल्लिवि जाणि तुहुँ अप्पा णाणें तेण ॥ १०७ ॥

આત્મા નિયમથી જ્ઞાનમાં ગમ્ય થાય છે. જ્ઞાનની નિર્મળ પર્યાયમાં જ આત્મા અનુભવગમ્ય થાય છે. જ્ઞાન સિવાય કોઈ વિકલ્પ કે નિમિત્તાદિ વડે આત્મા ગમ્ય થઈ શકતો નથી.

લોકો તો દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિને ધર્મધ્યાન માને છે અને એ ધર્મધ્યાનમાં

આત્મા ગમ્ય થાય છે એમ માને છે પણ આત્મા જ્ઞાન વડે જ ગમ્ય થાય. એ સિવાય ભક્તિ આદિ કોઈ સાધન વડે ગમ્ય થઈ જ ન શકે. આત્મા જેવો છે એવો જાણતાં તેની વીતરાગી પર્યાયમાં ઠરે તો તેણે આત્માને જાણ્યો કહેવાય. પુણ્ય પાપ વિકલ્પ કે રાગ એ કાંઈ જ્ઞાન નથી માટે તેમાં આત્મા જણાતો નથી. રાગ તો અજ્ઞાન છે એટલે કે તેમાં જ્ઞાનનો પ્રકાશ નથી. તેથી રાગમાં આત્મા જણાતો નથી.

પરમાત્મામાં વળી વિકલ્પ કેવા! વિકલ્પ તો એક સમય પૂરતી અપરાધની ધારા છે. તે અપરાધમાં પરમાત્મસ્વરૂપ ગમ્ય ન થાય. એક સમયની નિરપરાધ જ્ઞાનપર્યાય દ્વારા જ આત્માનું સ્વરૂપ ગમ્ય થઈ શકે છે. રાગ તો આંધળો છે તે આત્માને કેમ જોઈ શકે! જ્ઞાન જ આત્માને જાણી શકે છે. માટે હે પ્રભાકરભટ્ટ! ધર્મ, અર્થ અને કામ આ ત્રણેય પ્રકારના ઊંધા પુરુષાર્થને છોડીને જ્ઞાન વડે આત્માને જાણ! સ્વસંવેદન જ્ઞાન વડે આત્મામાં ઠરીશ ત્યારે જ આત્મા જણાશે.

ભાવાર્થ—નિજ શુદ્ધાત્મા જ્ઞાનને જ ગોચર છે. કારણ કે મતિજ્ઞાનાદિ પાંચ ભેદોથી રહિત જે પરમાત્મા શબ્દનો અર્થ પરમપદ છે તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. તે સ્વરૂપ પરમાત્માને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન વિના દુર્ધર તપ કરવાવાળા પણ ઘણાં પ્રાણી પામતા નથી માટે જ્ઞાનથી જ તારું સ્વરૂપ અનુભવમાં લે.

જ્ઞાન એટલે શુભાશુભ વિકલ્પ અને રાગથી રહિત નિર્મળ પર્યાય વડે આત્મા ગમ્ય થાય છે- જણાય છે. આ જ્ઞાન સિવાય લાખ-કરોડ ક્રિયા કરીને મરી જાય તો પણ આત્મા ગમ્ય થઈ શકે તેમ નથી. ક્રિયા અને એવો શુભરાગ હોય તેની ના નથી. અશુભ રાગથી બચવા માટે શુભરાગ અને તે કાળે એવી ક્રિયા પણ હોય છે પણ તેનાથી ધર્મ થતો નથી — આત્મા ગમ્ય થતો નથી.

રાગથી પણ આગળ વધીને અહીં તો મતિજ્ઞાનાદિ પાંચ ભેદોનો પણ નિષેધ કર્યો છે. ભેદોથી પણ રહિત એકલો અખંડાનંદ ભગવાન આત્મા છે તેને પરમાત્મા અર્થાત્ પરમપદ કહેવાય છે. આ પરમપદ જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન આવા પાંચ ભેદોથી રહિત અખંડ જ્ઞાન આનંદ સ્વરૂપ વસ્તુ તે પરમપદ છે. તેની પ્રાપ્તિ નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ શાંતિરૂપ સ્વસંવેદન વડે જ થાય છે. તેના વિના કોઈ દુર્ધર તપ કરે તોપણ પરમપદની પ્રાપ્તિ થતી નથી. માટે ગુરુ શિષ્યને કહે છે કે તું જ્ઞાનથી તારા સ્વરૂપનો અનુભવ કર. ધ્રુવ...ધ્રુવ... એકરૂપ ભગવાન આત્માનો સમ્યગ્જ્ઞાન દ્વારા અનુભવ કર.

આવું જ કથન શ્રી કુંદકુંદ આચાર્યે સમયસારની ૨૦૫ ગાથામાં કર્યું છે. તેનો અર્થ એ છે કે સમ્યગ્જ્ઞાન નામના નિજગુણથી રહિત પુરુષ આ બ્રહ્મપદને બહુ કષ્ટ કરીને પણ પામતો નથી અર્થાત્ મહાન દુર્ધર તપ કરવા છતાં પણ આ પદને પામતો નથી. ત્રિકાળ આત્મસ્વભાવનું જે નિર્મળ જ્ઞાન – સમ્યગ્જ્ઞાન જેને નથી તે પુરુષ તપ કરીને સૂકાય જાય પણ આત્માને અનુભવ થતો નથી.

કોઈને પ્રશ્ન થાય કે તપ એ તો ધર્મ છે તેનાથી આત્મા કેમ ન પ્રાપ્ત થાય! —ભાઈ! આ તપ એટલે શુભરાગની મંદકષાયની ક્રિયારૂપ તપથી ધર્મ થતો નથી એમ કહ્યું છે. સ્વરૂપમાં ઠરવારૂપ તપની આ વાત નથી. નિશ્ચયતપ વિના ઉપવાસ કરે, ઉણોદરી કરે, વૃત્તિપરિસંખ્યાન કરે, રસનો ત્યાગ કરે, દેવ-શાસ્ત્ર-ગુરુનો વિનય કરે, ભક્તિ કરે, જાત્રા કરે... એવા એવા અનેક પ્રકારના દુર્ધર તપ કરે તોપણ ભગવાન આત્માનું જ્ઞાન થતું નથી. માટે જો તું આકુળતાના — વિકારના દુ:ખથી છૂટવા માગતો હો, સિદ્ધપદની ઇચ્છા રાખતો હો તો આત્મજ્ઞાન કરીને નિજપદની પ્રાપ્તિ કર!

આત્મજ્ઞાનથી જ મુક્તિની શરૂઆત થાય છે અને એ જ જ્ઞાનથી સ્થિરતા દ્વારા મુક્તિ થાય છે. માટે તું શુદ્ધાત્માનું જ્ઞાન કર તેમાં શ્રદ્ધા અને સ્થિરતા પણ સાથે આવી જાય છે. માટે કહ્યું કે આત્મજ્ઞાનથી જ આત્માની સિદ્ધિ થાય છે.

અહીં સરાંશ એ છે કે જે ધર્મ, અર્થ, કામ આદિ બધાં પરદ્રવ્યની ઇચ્છાને છોડે છે તે નિજ શુદ્ધાત્મસુખરૂપ અમૃતમાં તૃપ્ત થયેલો, પરિગ્રહ રહિત છે એમ સિદ્ધાંત કહે છે. તેને જ નિર્ગ્રંથ કહેવાય છે અને તે જ પોતાના આત્માને જાણે છે.

શુભાશુભભાવની પક્કડ છે તે પરિગ્રહ છે. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસાની ઇચ્છા અને કામ એટલે વિષયોની ઇચ્છા એ ત્રણેય પરદ્રવ્યની ઇચ્છા છે. તે ઇચ્છાથી રહિત થઈને જે અતીન્દ્રિય આનંદના સ્વાદમાં તૃપ્ત થયો છે તે જ ઇચ્છાના પરિગ્રહથી રહિત છે. તેને જ પરદ્રવ્યની મમતાથી રહિત કહેવાય છે. પુણ્ય-પાપની ઇચ્છાના સ્વાદમાં આકુળતા છે, દુ:ખ છે. તેનાથી જે રહિત છે તે પરદ્રવ્યની મમતાથી રહિત છે.

બનારસીદાસના કથનમાં આવે છે: ચાહે રહો ઘરમેં, ચાહો વસો વનમેં...એ તો પરક્ષેત્રની વાત થઈ. આત્મા તો ત્રિકાળ પોતાના અસંખ્યાત પ્રદેશી ક્ષેત્રમાં જ રહેલો છે. આત્મા કદી પરક્ષેત્રમાં ગયો જ નથી, પરક્ષેત્રને અડયો પણ નથી.

જે મમતાથી રહિત છે તેને પરિગ્રહથી રહિત કહેવાય છે. પુણ્ય-પાપના વિકલ્પની પક્કડ છોડી જે આત્માના જ્ઞાનની પક્કડ કરીને તેમાં ઠર્યો છે તેને મમતાથી રહિત

અપરિગ્રહી કહેવાય છે, તેને જ નિર્ગ્રંથ કહેવાય છે. આત્મા તો નિર્ગ્રંથસ્વરૂપ જ છે અને તેમાં દૃષ્ટિ અને સ્થિરતા થવી તે નિર્ગ્રંથભાવ છે. પુણ્ય-પાપના ભાવ તે ગ્રંથ છે તેનાથી રહિત તે નિર્ગ્રંથ છે.

આવી જ વાત સમયસારજીમાં ' अपरिग्गहो....' ઈત્યાદિ ગાથામાં કહી છે. જિન-સિદ્ધાંતમાં પરિગ્રહ રહિત અને ઇચ્છારહિતને જ્ઞાની કહેવામાં આવે છે. પરિગ્રહ એટલે પુણ્ય-પાપની પક્કડ અને તેની ઇચ્છા વિનાનો છે તે જ્ઞાની છે.

જેને વ્યવહારધર્મની પણ કામના નથી તેને અર્થ તથા કામની ઇચ્છા કેમ હોય! ધર્મ એટલે મહાવ્રતના ભાવ કે જે પુણ્યભાવ છે. તેને પણ જે ચાહતો નથી તેની ભાવના નથી. એક માત્ર જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપની જ ભાવના છે, તેને પાપરૂપ એવી અર્થ અને કામની ભાવના કેમ હોય! તેને તો એક શુદ્ધસ્વરૂપની જ પક્કડ છે. વ્યવહારધર્મ છે પણ તેની જ્ઞાનીને પક્કડ નથી. શુભભાવની પણ ભાવના નથી તેને અશુભભાવની ભાવના ક્યાંથી હોય! અશુભભાવ આવી જાય તે જુદી વાત છે પણ તેની ભાવના હોતી નથી. શુભ ભાવ આવે છે પણ તેમાં એકાગ્ર થઈને તેની વૃદ્ધિ કરું એવી ભાવના નથી. માટે કહ્યું કે આત્મજ્ઞાની સર્વ અભિલાષાથી રહિત છે.

આ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા મુનિની જ વાત ન સમજવી. ચોથા ગુણસ્થાનથી જ જ્ઞાનીને કોઈ પરદ્રવ્ય કે પરભાવની અભિલાષા નથી.

મુમુક્ષુ:—જ્ઞાનીને નિકાંક્ષિત ભાવ પ્રગટ થઈ ગયો છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:— હા. જ્ઞાનીને કોઈ પરદ્રવ્યની ભાવના જ નથી. જેના જ્ઞાનમાં આનંદકંદ વસ્તુ આવી તેને બીજાં કોની અભિલાષા હોય! બીજો ભાવ હો પણ તેની ભાવના નથી. પંચાધ્યાયીમાં અભિલાષાના વિષયમાં બહુ ખુલાસો લીધો છે. જ્ઞાનીને કોઈ પ્રકારની અભિલાષા નથી.

આ બધાં આર્ષવચનો છે એટલે કે વસ્તુસ્વરૂપને બતાવે તે બધાં આર્ષના જ વાક્યો છે. આચાર્યોના હૃદય છે.

પૂર્ણાનંદ ભગવાન જેનાં સમ્યગ્જ્ઞાનમાં અનુભવમાં આવ્યો તેને હવે શી ખામી રહી કે બીજાની અભિલાષા કરે! જેને ધર્મ નામ પુણ્યનો પણ પરિગ્રહ નથી તેને અન્ય પરિગ્રહ ક્યાંથી હોય! ધર્મીને તો એક શુદ્ધ આત્માના આનંદની જ ભાવના છે. પુણ્યરૂપ વ્યવહારધર્મની ભાવના પણ નથી તો અશુભભાવની ભાવના કેમ હોય! આત્મજ્ઞાની સર્વ અભિલાષાથી રહિત છે. કારણ કે તેને શુદ્ધાત્માનું વેદન હોવાથી

તેમાં જ એકાગ્ર થવાની ભાવના છે. વ્યવહારધર્મ એ પણ વિકલ્પ છે તેથી તેની ધર્મીને ભાવના નથી.

સમકિતી તો આત્માના આનંદના પિપાસુ છે. સમ્યગ્જ્ઞાન દ્વારા આત્માને જોયો, જાણ્યો અને અનુભવ્યો છે તેને પુણ્ય-પાપ ભાવની ભાવના નથી. જ્યાં સ્વરૂપમાં ઇચ્છા જ નથી ત્યાં ઇચ્છાની ભાવના કેમ હોય! શુભાશુભભાવ છૂટી ગયા નથી, આવે છે પણ તેની પક્કડ કે ભાવના નથી. વીતરાગબિંબ ભગવાનને જેણે વીતરાગ-પરિણતિ વડે જાણ્યો તેને હવે બીજી શી ભાવના હોય! પુણ્યાદિ વિકલ્પ વચ્ચે આવે છે તેને જાણે છે પણ તેને વધારવાની ભાવના નથી. સ્વરૂપની એકાગ્રતા વધારવાની ભાવના છે, રાગ વધારવાની ભાવના નથી.

આ બધી ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને બધાં જ્ઞાની-મુનિની વાત છે. આત્મજ્ઞાની સર્વ અભિલાષાથી રહિત છે. સ્વરૂપમાં ઇચ્છા જ નથી ત્યાં ઇચ્છાની ભાવના કેમ હોય! વ્યવહારધર્મની ભાવના નથી તેને અન્ય કોની ભાવના હોય! વ્યવહારધર્મનો ભાવ આવે છે પણ તેની પક્કડ નથી માત્ર જ્ઞાનમાં જાણે છે.

જગતને ભારે કઠણ પડે તેવી વાત છે.

શિષ્ય કહે છે કે પ્રભુ! મને તો એક આત્મા બતાવો, મારે બીજા વિકલ્પોનું કામ નથી. મને તો આત્મા કેમ પ્રાપ્ત થાય એ એક જ કામ છે. તેના ઉત્તરમાં આ ગાથા આવી છે કે ભાઈ! તું વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી એક આત્માને જાણ, અન્ય સર્વ શુભાશુભ ભાવોને છોડીને એક આત્માને જાણ! આ એક જ કામ તારે કરવાનું છે.

[ ક્રમશઃ ]

---

## 卐 સર્વરોગ-નિદાનકેમ્પ 卐

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૩મા જન્મજયંતી મહોત્સવ-આયોજનના અંતર્ગત એક "સર્વરોગ નિદાનકેમ્પ" આરોગ્ય-પ્રાથમિક-કેન્દ્ર, સોનગઢના ઉપક્રમે, મહોત્વ-આયોજક શ્રી ચિમનલાલ ઠાકરશીભાઈ મોદી તરફથી યોજવામાં આવ્યો હતો. જેનો ગામના તેમ જ આજુબાજુના ગામોના કુલ ૩૬૫૮ દર્દીઓએ લાભ લીધો હતો. ૨૦ ડોકટરોએ સેવા આપી હતી. દર્દીઓને નાસ્તાના પેકેટ શ્રી રમણીકલાલ શિવલાલ દોશી તરફથી તથા દર્દીઓને દવા તથા અન્ય ખર્ચ તેમ જ સોનગઢ ગામમાં પ્રત્યેક ઘરે લાડવાના પેકેટ શ્રી ચિમનલાલ ઠાકરશીભાઈ મોદી તરફથી આ ભવ્ય મહોત્સવના ઉપલક્ષમાં આપવામાં આવ્યા હતા.

[ સુવર્ણપુરી સમાચાર....ટાઇટલ બેથી ચાલુ ]

દર્શન, ધાર્મિક શિક્ષણવર્ગ, તાત્ત્વિક તેમ જ ભક્તિસૂત્રોથી અંકિત ભવ્ય 'બેનર' તેમ જ વિવિધ નયનરમ્ય ભવ્ય શૃંગાર સજાવવામાં આવેલા મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસાર ગાથા ૬ તથા ૧૭/૧૮ તથા ગાથા ૩૨૦ ઉપર સ્વાનુભવરસ ઝરતું, પુરુષાર્થપ્રેરક સ્વાનુભૂતિમાર્ગદર્શક અલૌકિક આધ્યાત્મિક ટેપ પ્રવચન, આદરણીય પંડિતજી દ્વારા પ્રાસંગિક સમૂહભક્તિ, ત્યારબાદ પરમાગમમંદિરમાં શ્રી જિનસહસ્રવસુ-નામ મંડળ વિધાન પૂજા, બપોરે સમાગત વિદ્વાન પંડિતો દ્વારા 'બહેનશ્રીનાં વચનામૃત' ઈત્યાદિ ઉપર શાસ્ત્રપ્રવચન, પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે શ્રી મંજુલાબેન શાંતિલાલ મોદી, શ્રી લાભકુંવરબેન ચિમનલાલ મોદી તેમ જ શ્રી વિમલાબેન ગિરધરલાલ મોદી તથા ચેતનાબેન મહેન્દ્રકુમાર મહેતા આદિના ઘરે મહિલાઓ દ્વારા ભક્તિ. રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું જન્મજયંતીના ઉપલક્ષમાં 'બહેનશ્રીનાં વચનામૃત" ઉપર ભાવવાહી ટેપપ્રવચન અને છેલ્લે તીર્થયાત્રાની વિડિયો દ્વારા ગુરુદર્શન તેમ જ બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા—ઉત્સવ દરમિયાન આ કાર્યક્રમ બરાબર નિયમિત ચાલતો હતો. પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુની ઉપસ્થિતિથી સ્થાન ભરાઈ જતું હતું.

તા. ૨૩ ના રોજ (શ્રી કુંદકુંદાચાર્યદેવ, ફતેહમંદ રાજકુમાર તેમ જ દેવકુમાર ઋષિપુત્ર સહિત) ભવ્ય તેમ જ સોનેરી 'સીમંધર-સમવસરણ' ને મસ્તક પર લઈને, જેમના જાતિસ્મરણરૂપ પવિત્ર "જ્ઞાનવૈભવ"ના સુપ્રતાપે મુમુક્ષુ જગતને શ્રી સીમંધર સ્વામી તેમજ સમવસરણ આદિ મળ્યા છે, તે જુલુસ પૂર્વક પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિવાસસ્થાને બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ બિરાજિત કરીને ભક્તિ કરવામાં આવી હતી. આ આયોજનમાં શ્રી ચિમનભાઈ મોદી આદિ-પરિવારને અત્યધિક ઉત્સાહ હતો.

જન્મજયંતીના આ મંગલ અવસરે ટ્રસ્ટ તરફથી દેવનાગિરી-લિપિમાં મુદ્રિત "બહેનશ્રીનો જ્ઞાનવૈભવ" કે જે શ્રી વિમળાબેન ગિરધરલાલ ઠાકરશી મોદી (હસ્તે દિલીપ તથા જિનશ મોદી) તરફથી હિન્દી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ આપવાનો છે તેનું તથા "વચનામૃત-પ્રવચન" ભાગ-૧નું હિન્દી સંસ્કરણ ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના શુભ હસ્તે પ્રકાશન કરવામાં આવ્યું હતું. તદુપરાંત ગુજરાતી 'પદ્મપુરાણ'નું પણ પ્રકાશન કરવામાં આવ્યું હતું.

બહેનશ્રીની જન્મજયંતીના હર્ષોપલક્ષમાં તા. ૨૯ ઓગસ્ટના રોજ બપોરે 'ધાતકી વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ-રજતનિર્મિત ત્રિપિઠિકાયુક્ત ભવ્ય ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણ-વિહાર સર્વે ભક્તોને અતિ આનંદકારી અનુભૂત થતો હતો. રથયાત્રામાં અનેક ભવ્ય સજાવટ સાથે 'તેજબાનંદિની ચમ્પાકુંવરી'ના પારણાઝૂલનનું એક મનોહર 'ફ્લોટ-(FLOAT)' બધાના ભક્તિભીના ચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું.

પારણાઝૂલનની બોલીનો લાભ નાઈરોબી નિવાસી શ્રીમતી જયશ્રીબેન કિરણભાઈ શાહને પ્રાપ્ત થયો હતો તેમ જ સમવસરણ-સારથીની બોલીનો લાભ સુરેન્દ્રનગર નિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહને પ્રાપ્ત થયો હતો.

રથોત્સવની ભવ્યતા જોઈને ગ્રામજનતા પ્રસન્નતાથી મહાન ધર્મપ્રભાવક સંતપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ તેમના ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. ઘાટકોપર, મલાડ તેમ જ વઢવાણની ભજન-મંડળીએ પણ વાતાવરણ ભક્તિમય બનાવીને રથોત્સવને અધિક રોચક બનાવ્યો હતો.

## શ્રાવણ વદ બીજ : બહેનશ્રીની જન્મજયંતી

ગુરુભક્ત મુમુક્ષુઓ માટે ભક્તશિરોમણિ પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતીનો આ દિન-શ્રાવણ વદ બીજ-મહા આનંદકારી દિવસ છે. શ્રાવણ વદ બીજના રોજ સવારે દેવદર્શન બાદ ભવ્ય સુશોભિત વિશાલ મંડપમાં ક્રમશઃ 'સદ્ગુરુ-સ્તુતિ', પ્રણિપાતસ્તુતિ તથા વિડિયો-ટેપ દ્વારા કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રીનું માંગલિક અને પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મરસપ્રધાન તાત્ત્વિક ચર્ચાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ પરમાગમમંદિરમાં શ્રી જિનસહસ્રવસુનામ મંડલવિધાનપૂજા અને તેનું સમાપન, ત્યારબાદ સુશોભિત મંચ ઉપર બિરાજિત આપણા સર્વોત્કૃષ્ટ ઉપકારી પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય સ્ટેચ્યૂ સમક્ષ મિનિ-ડિસ્કમાં રેકોર્ડિંગ કરેલ પ્રવચનના મંગલ ઉદ્ઘાટનની વિધિ આદરણીય પંડિતજીના શુભ હસ્તે કરાવીને શ્રી સમયસાર ગાથા ૩૨૦ ઉપર અત્યંત માર્મિક અદ્ભુત મિનિ-ડિસ્ક-પ્રવચન અને ૧૩ મિનિટ પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનથી જાણેલાં ભૂત-વર્તમાન-ભવિષ્ય સંબંધી વિવરણ;—જે સાંભળીને મુમુક્ષુઓ આનંદથી ગદ્ગદ્ થઈ ગયા હતા.

ત્યાર બાદ મંચ ઉપર રાખવામાં આવેલા પૂજ્ય બહેનશ્રીના વિશાળ ચિત્રપટ સમક્ષ, વધાવવાનો આનંદકારી ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સર્વપ્રથમ આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈએ અને ત્યારબાદ સેંકડો પરિવારે ભક્તિ ગાતા ગાતા પૂજ્ય બહેનશ્રીને વધાવવાનો આનંદકારી લાભ લીધો હતો.

બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્રવાંચન, દેવ-ગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી કળશટીકા ઉપર ભાવવાહી ટેપપ્રવચન—એ રીતે આ આનંદકારી મહોત્સવ સાનંદ સમ્પન્ન થયો હતો.

આ શુભ અવસરે 'શ્રી જિનસહસ્રવસુનામ મંડલવિધાનપૂજા' કાયમી ૪૯ મુમુક્ષુઓ તરફથી તથા પ્રાસંગિક ૧૮ મુમુક્ષુઓ તરફથી રાખવામાં આવી હતી.

આઠ દિવસના મહોત્સવમાં આઠે દિવસ (પ્રાસંગિક) શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી પરિવાર તરફથી તેમ જ કાયમી ૮ મહાનુભાવો તરફથી સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું.

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની તેમ જ બહેનશ્રીની પ્રવચન-કેસેટમાં ૩૩% ડિસ્કાઉન્ટ રાખવામાં આવેલ હતું.

ગુજરાતી તેમ જ હિન્દી 'આત્મધર્મ' ના વાર્ષિક લવાજમમાં રૂા. ૪=૦૦ તથા આજીવનસભ્ય ફીમાં રૂા. ૨૫ ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યુ હતું.

સાહિત્યના વેચાણમાં ૫૦% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

આ મંગલ અવસરે સંસ્થાને રૂા. ૯,૭૬,૧૫૭=૦૦ની નીચે પ્રમાણે આવક થઈ હતી :—

| | |
|---|---|
| પ્રાસંગિક મંડલવિધાન ખાતે | ૧૮૦૧૮ |
| પૂજ્ય બહેનશ્રી 'જન્મવધાઈ'માં રૂ. ૫૦૧×૪૫૦ | ૨,૨૫,૪૫૦ |
| પૂજ્ય બહેનશ્રી 'જન્મવધાઈ'માં રૂ. ૧૦૦૧×૩૫ | ૩૫૦૩૫ |
| રથયાત્રા ઉછામણી | ૧,૪૩,૮૦૯ |
| રથયાત્રા–ભગવાનને વધાઈ તથા પારણાઝૂલન | ૩૭૩૪૧ |
| ૮૩મી જન્મજયંતી પ્રસંગે ૮૩×૧૫૧૧ | ૧,૨૫,૪૧૩ |
| પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને | ૩૧,૧૦૧ |
| આરતી ખાતે | ૯૯૮૫ |
| ભોજનશાળામાં ખુરશી–ટેબલ–સેટ–૧૦૦×૩૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| જ્ઞાન આદિ અન્ય ખાતે | ૫૦,૦૦૫ |
| કુલ | ૯,૭૬,૧૫૭ |

ધાર્મિકશિક્ષણવર્ગ : દર વર્ષની જેમ જન્મજયંતી પ્રસંગે રાખવામાં આવેલ ૨૦ દિવસિય પ્રૌઢ શિક્ષિણવર્ગ તાત્ત્વિક અભ્યાસ તથા શિક્ષણાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ સફળ રહ્યો. ઉત્તમવર્ગમાં બ્ર. ચંદુભાઈ ઝોબાળિયાએ સવારે શ્રી સમયસાર ગાથા ૧૩, ૧૪, ૧૫ ઉપર તથા સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ૭ મો અધિકાર "ઉભય–નયાભાસ" વિષય ઉપર તેમ જ મધ્યમવર્ગમાં બ્ર. વ્રજલાલભાઈ શાહે શ્રી જૈનસિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા અને સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક સાતમા અધિકાર ઉપર શિક્ષણ આપ્યું હતું. સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ આદિથી તેમ જ હિન્દી પ્રાંતથી આવેલા શિક્ષણાર્થીઓએ આ શિક્ષણવર્ગનો પ્રમોદ-પૂર્વક લાભ લીધો હતો.

## * પૂજ્ય બહેનશ્રીની આગામી ૬૫મી સમ્યક્ત્વ-જયંતી *

પૂજ્ય બહેનશ્રીની આગામી ૬૫મી સમ્યક્ત્વ જયંતી વિંછીયાનિવાસી (વિંછીયા, બોટાદ, બૃહદ્ મુંબઈ, અમદાવાદ, અમેરિકા ઈત્યાદિ વસતા) સમગ્ર ડગલી–પરિવાર તરફથી ભક્તિ-ઉલ્લાસપૂર્વક સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે.

દશલક્ષણ પર્યુષણપર્વ:—ભાદરવા સુદ ૫, મંગળવાર, તા. ૧૭–૯–૯૬થી ભાદરવા સુદ ૧૪, ગુરુવાર તા. ૨૬–૯–૯૬ —૧૦ દિવસ સુધી 'શ્રી દશલક્ષણ પર્યુષણપર્વ'

દશલક્ષણમંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય તેમ જ ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવાયો હતો.

ક્ષમાવણીપર્વ:—ભાદરવા વદ ૧, શુક્રવાર, તા. ૨૭-૯-૯૬ના રોજ ક્ષમાવણીપર્વ પૂજાભક્તિ તેમ જ સમૂહ ક્ષમાવણીપૂર્વક ઉજવાયો હતો. ❋

## વૈરાગ્ય સમાચાર :—

* અંકલેશ્વરનિવાસી શ્રી વેણીલાલ છગનલાલ મહેતા ( રંગુનવાળા ) તા. ૨૦-૧-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઇન્દૌરનિવાસી શ્રી જયંતીભાઈ એલ. ગોડા ( વર્ષ-૭૬ ) નાશીક મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* જોરાવરનગરનિવાસી ( ગોવાવાળા ) શ્રી રતીલાલ દામોદરભાઈ શાહ ( વર્ષ-૮૩ ) તા. ૩૦-૬-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી જયવંતભાઈ એ. ઝવેરી તા. ૯-૭-૯૬ના રોજ અમેરિકા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* ઘાટકોપરનિવાસી શ્રી મધુકાંતાબેન જયંતીલાલ મહેતા ( વર્ષ-૬૨ ) તા. ૨૦-૭-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાનિવાસી શ્રી જિતેન્દ્ર મણીલાલ ડગલી ( વર્ષ-૫૪ ) તા. ૨૨-૭-૯૬ના રોજ શિકાગો-અમેરિકા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શ્રી અંજવાળીબેન ધીરજલાલ શાહ ( વર્ષ-૯૮ ) તા. ૨૮-૭-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી શ્રી અમૃતલાલ મગનલાલ શાહ ( અરિહંત ટ્રેડર્સવાળા ) ( સ્વ. મગનલાલ તલકશીભાઈના પુત્ર ) ( વર્ષ-૬૫ ) તા. ૧૦-૮-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિરમગામનિવાસી સુશીલાબેન કાંતિલાલ કામદાર તા. ૧૦-૮-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી સ્વ. ડો. મગનલાલ ધનજીભાઈ ઉદાણીના ધર્મપત્ની ચંચળબેન ( વર્ષ-૯૬ ) તા. ૧૬-૮-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઘાટકોપરનિવાસી શ્રી મગનલાલ જીવણલાલ બોટાદરા ( વર્ષ-૭૩ ) તા. ૧૭-૮-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી સાધનાબેન વિમલેશભાઈ શાહ ( વર્ષ-૩૧ ) તા. ૩૧-૮-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી ગાંડાલાલ માધવજીભાઈ ચાવડા તા. ૩-૯-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. *

## પંડિતરત્ન આદરણીય શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહનો

# ⊞ ૮૯મા વર્ષમાં મંગલ પ્રવેશ ⊞

શ્રાવણ વદ-૧૪, તા. ૧૧-૯-૯૬ના રોજ આપણા આદરણીય પંડિતરત્ન ઊંડા આદર્શ આત્માર્થી શ્રી હિમ્મતલાલભાઈ જેઠાલાલ શાહ (પૂજ્ય બહેનશ્રીના મોટાભાઈ)નો જન્મદિન હતો. આ દિવસે પંડિતજીએ ૮૯મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો. આ શુભ અવસરે પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા તેમ જ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તેમ જ મુમુક્ષુસમાજ તરફથી, ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના આદેશથી, ટ્રસ્ટના ટ્રસ્ટી તેમ જ મંત્રી શ્રી ચિમનભાઈ મોદીએ, આપણને શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત સમયસાર આદિ પંચ પરમાગમ આપણી માતૃ-ભાષામાં પ્રદાન કરનારા આપણા આદરણીય પંડિતજીનો, તેમની ઊંડી આદર્શ-આત્માર્થિતા, ઊંડું તત્ત્વચિંતન, તત્ત્વહાર્દસ્પર્શી અસાધારણ મેધા, નિર્માનતા, નમ્રતા, નિઃસ્પૃહતા આદિ ગુણાનુવાદરૂપ સંક્ષિપ્ત ભાષણ દ્વારા, ઉપકૃતભાવભીનું અભિવાદન કર્યું હતું. ત્યાર બાદ પંડિતજીના નિવાસસ્થાને મુમુક્ષુસમાજ વ્યક્તિગત અભિવાદન માટે ગયો હતો. ત્યાં પંડિતજીએ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા ઉપદિષ્ટ સામર્થ્યપૂર્ણ દ્રવ્યસ્વભાવ, આશ્રયના જોરરૂપ શુદ્ધનય અને દ્રવ્યદૃષ્ટિ ઇત્યાદિ અનેક ખાસ પ્રયોજનભૂત વિષય પર બહુ સુંદર તેમ જ ભાવવાહી સ્પષ્ટતા, હૃદયભીની શૈલી વડે કરી હતી.

## M. D.-મિનિડિસ્ક (કૉમ્પેક્ટ ડિસ્ક) સ્કીમનું ઉદ્ઘાટન

અધ્યાત્મયુગસ્રષ્ટા, ભવોદધિતારણહાર ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચનોને દીર્ઘકાલીન અમરતા-પ્રધાનહેતુ, મિનિ-ડિસ્ક (કોમ્પેક્ટ ડિસ્ક-C. D.-નું નાનુંરૂપ—અઢી ઇંચની ડિસ્ક)—M. D. સીસ્ટમમાં પરિવર્તનની યોજના સાઇન (મુંબઈ)નિવાસી શ્રી શાંતિલાલ રતિલાલ શાહ-પરિવાર (હસ્તે શ્રી શારદાબેન શાંતિલાલ શાહ) તરફથી કરવામાં આવી છે. તેનું મંગલ ઉદ્ઘાટન તા. ૩૦-૮-૯૬ના રોજ આપણા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈના શુભ હસ્તે કરવામાં આવ્યું. આ મંગલ પ્રસંગે તેઓશ્રીએ માંગલિક સંભળાવીને પ્રમોદથી કહ્યું કે 'ગુરુવાણીની ચિર રક્ષા હેતુ'ની આ યોજના ઉત્તમ છે. ગુરુવાણીનો અમૂલ્ય લાભ મુમુક્ષુઓને ચિરકાળ સુધી મળતો રહેશે. આ એક બહુમૂલ્ય અપૂર્વ લાભ છે કે જે પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય અધ્યાત્મરસભરી અમૃતવાણી હજારો વર્ષ સુધી મુમુક્ષુ જગતને અધ્યાત્મ-અમૃતનું રસપાન કરાવતી રહેશે. આ પવિત્ર-યોજનાનો લાભ પોતાને પ્રાપ્ત થવા બદલ શ્રી શાંતિલાલ રતિલાલ શાહ-પરિવાર ગુરુભક્તિ-પૂર્ણ અર્પણતાનો હર્ષોલ્લાસ અનુભવતો હતો.

## 卐 ભગવાનનો પોકાર 卐

સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસેં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે. —સંપાદક

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૯૮/- પોસ્ટેજના અલગ ]